



જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

વર્ષ : ૪૭ અંક : ૧૫૭ જૂનાગઢ તા.૨૦-૬-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 157, Junagadh : Date : 20 Jun, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૬મી ભવ્ય રથયાત્રા નીકળી

### રથયાત્રાનાં રૂટ પર લાખો ભાવિકો ઉમટી પડયા : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પહિંદ વિધિ કરાવી : ગૃહમંત્રી અમિત શાહે મંગળા આરતીમાં ભાગ લીધો









અમદાવાદ તા.૨૦ : અમદાવાદમાં આજે અષાઢીબીજે ભગવાન જગન્નાથજીની પરંપરાગત ૧૪૬ મી ભવ્ય રથયાત્રા યોજાઈ રહી છે.લાખો ભાવિકો ઉમટી પડવા સાથે જય રણછોડ માખણચોરનાં ગગનભેદી નાદ સાથે વાતાવરણ ગુંજી ઉઠયુ હતું.કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે મંગળા આરતીનો લાભ લીધો હતો જયારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પહિંદવિધી યોજવામાં આવી હતી. અમદાવાદની જગ વિખ્યાત ભગવાન જગન્નાથપુરીજીની રથયાત્રા અંતર્ગત ભગવાન જગન્નાથજી , સુભદ્રાજી, તથા બલરામજી નવા રથમાં સવાર થઈને નગરચર્યાએ નીકળ્યા છે. પુરીની રથયાત્રા બાદ અમદાવાદની રથયાત્રા એ દેશની સૌથી બીજી મોટી રથયાત્રા છે. આ વર્ષે ભગવાન માટે નવા રથ તૈયાર કરવામાં આવ્યા છે અને તેમાં રથયાત્રા યોજવામાં આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રથયાત્રામાં સામેલ થવા ખાસ આવ્યા હતા. વહેલી સવારેજગન્નાથ મંદીરે પહોંચીને મંગળા આરતી કરી હતી.પોણા સાત વાગ્યે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પહીંદવિધી કરાવીને રથયાત્રાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. ૬.૩૦ કલાકે ભગવાનને રથમાં બિરાજમાન કરાવવામાં આવ્યા હતા. બે મહિનાથી ચાલતી રથયાત્રાની તૈયારી બાદ આજે પરોઢીયે રથયાત્રાનાં પ્રસ્થાન સાથે જય રણછોડ માખણ ચોરનાં ગગનભેદી નાદ થયા હતા અને હજારો લોકો ઉમટી પડયા હતા.

ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, રાજયકક્ષાનાં મંત્રી જગદીશ વિશ્વકર્મા વગેરે મહાનુભાવો પણ જોડાયા હતા. રથયાત્રામાં ૩૦,૦૦૦ કિલો મગ, ૫૦૦ કિલો જાંબુ, ૫૦૦ કિલો કેરી, ૪૦૦ કિલો કાકડી તથા દાડમનો પ્રસાદ હતો. રથયાત્રા પ્રારંભે શણગારાયેલા ગજરાજો, ઉપરાંત ૧૦૧ ટ્રક, અખાડા તથા ભજન મંડળીઓએ જોડાઈ હતી. માર્ગ પર ધુન ભજન રાસ ગરબાની રમઝટ હતી. જગન્નાથમંદિરેથી નિકળીને રથયાત્રા જમાલપુર દરવાજાથી સરસપુર તરફ આગળ ધપી હતી. પરંપરાગત રથયાત્રા દરમ્યાન કોઈ અનચ્છિનીય બનાવોન બને તેમાટે લોખંડી સુરક્ષા બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. રાજયભરમાંથી પોલીસ અધિકારીઓ જવાનોને સુરક્ષા માટે તૈનાત કરવામાં આવ્યો છે.

૨૨૦૦૦ જવાનોને બંદોબસ્તમાં રાખવામાં આવ્યો છે ઠેકઠેકાણે થાંભાપોઈન્ટ, ટાવર ઉભા કરવાની સાથોસાથ પ્રથમ વખત ડ્રોનનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. રથયાત્રાના દર્શન કરવા માટે સમગ્ર રૂટ પર હજારો ભાવિકો ઉમટી પડયા છે. પ્રચંડ ઉત્સાહ સાથે જબરજસ્ત ધાર્મિક વાતાવરણ સર્જાયુ હતું. તમામ સમાજના લોકો રથયાત્રાનાં સ્વાગત માટે ઉમટયા છે.

## વડાપ્રધાન મોદી અમેરીકાનાં ઐતિહાસીક પ્રવાસે રવાના : ૭૨ કલાકમાં ૧૦ કાર્યક્રમોમાં ભાગ લેશે

### વડાપ્રધાન મોદીની અમેરીકાની પ્રથમ સ્ટેટ વિઝીટ : અગાઉની ૭ મુલાકાત કરતા આ વખતનો પ્રવાસ ખૂબજ ખાસ : સમગ્ર વિશ્વની મીટ : વ્હાઈટ હાઉસમાં ભવ્ય તૈયારી

નવી દિલ્હી/વોશિંગ્ટન તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે તેમના ૩ દિવસના યુએસ પ્રવાસ માટે રવાના થઈ ગયા છે. આ તેમની પ્રથમ સ્ટેટ વિઝિટ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને તેમને સ્ટેટ વિઝિટ માટે આમંત્રણ આપ્યું છે. તેઓ અત્યાર સુધીના બીજા ભારતીય વડાપ્રધાન અને ત્રીજા મોટા નેતા છે, જેમને અમેરિકા દ્વારા 'સ્ટેટ વિઝીટ' માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

અગાઉ ૧૯૬૩માં રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણન અને ૨૦૦૯માં મનમોહન સિંહ રાજ્યની (સ્ટેટ વિઝીટ) માટે અમેરિકા ગયા હતા. આ જ કારણ છે કે વડાપ્રધાન મોદીની અગાઉની ૭ યુએસ મુલાકાતોની સરખામણીમાં આ મુલાકાત ઘણી ખાસ છે. આ દરમિયાન તેઓ ૭૨ કલાકમાં ૧૦ કાર્યક્રમોમાં ભાગ લેશે અને ન્યૂયોર્કમાં યોગ પણ કરશે. પીએમ મોદીએ કહ્યું- અમે ફ્રીઈન્ડો-પેસિફિક માટે સાથે મળીને કામ કરી રહ્યા છીએ.

વડાપ્રધાન મોદીની આ યુએસ મુલાકાત ઐતિહાસિક માનવામાં આવેછે. આ મુલાકાતથી ભારત અને અમેરિકાના સંબંધો વધુ મજબૂત બનશે. તે સાથે વડાપ્રધાન મોદી ઘણા કાર્યક્રમોમાં ભાગ લેશે.

ચાર દિવસીય મુલાકાતમાં જો બિડેન સાથે મુલાકાત, યુએસ કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધન, યુએનમાં યોગ કાર્યક્રમ, યુએસ સીઈઓ સાથે વાતચીત અને ભારતીય સમુદાય સાથે મુલાકાતનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન મોદી ૨૧ જૂને સંયુક્ત રાષ્ટ્રમાં આયોજિત યોગ કાર્યક્રમનું નેતૃત્વ કરશે. ભારત માટે આ એક મોટી ઉપલબ્ધિ માનવામાં આવે છે. રાષ્ટ્રપતિ જો બિડેન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે ૨૨ જૂને વોશિંગ્ટનમાં યોજાનારી સમિટનો મુખ્ય ઉદ્દેશ્ય સંરક્ષણ અને અત્યાધુનિક ટેકનોલોજીના ક્ષેત્રમાં ભવિષ્ય માટે સ્પષ્ટ રોડમેપ બનાવવાનો છે. અમેરિકાની મુલાકાતમાં દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ મુખ્ય એજન્ડા હશે. આ સિવાય બંને દેશો વચ્ચે મજબૂત વેપાર અને રોકાણની ભાગીદારી અને ટેક્નોલોજી, ટેલિકોમ, સ્પેસ, મેન્યુફેક્ચરિંગ અને રોકાણ જેવા અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. વિદેશ મંત્રાલયે વડાપ્રધાન મોદીની આ મુલાકાતને બંને દેશો વચ્ચેના સંબંધો માટે સીમાચિહ્નરૂપ ગણાવી છે. આ સાથે તેને ખૂબ જ મહત્વપૂર્ણ યાત્રા ગણાવવામાં આવી છે.

પીએમ મોદીના યુએસ પ્રવાસ દરમિયાન બે મોટા સંરક્ષણ સોદાઓને અંતિમ સ્વરૂપ આપવામાં આવી શકે છે. આમાં GE સાથે ભારતમાં ડ્રોન અને ફાઈટર જેટ એન્જીન ઉત્પાદન સંબંધિત કરારોનો સમાવેશ થાય છે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ટેલિકોમ, સ્પેસ, સેમિકન્ડકટર જેવી નવી ટેક્નોલોજીના ક્ષેત્રમાં વિશ્વસનીય સપ્લાય ચેઈન સ્થાપિત કરવાનો છે. આના પર મોટી સફળતા મળી શકે છે. પીએમ મોદી બીજી વખત યુએસ કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધિત કરશે. આ સંબોધન માટે પીએમ મોદીને ખાસ આમંત્રણ મળ્યું છે. વડાપ્રધાન મોદી યુએસ કોંગ્રેસના સંયુક્ત સત્રને બીજી વખત સંબોધિત કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન હશે.

વડાપ્રધાન મોદી વિશ્વના ત્રીજા એવા નેતા છે, જેમને અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને 'સ્ટેટ વિઝીટ' માટે આમંત્રણ આપ્યું છે. આ પહેલા જો બિડેને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યુન સુક યોલને રાજયની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું.

પીએમ મોદી શુક્રવારે વોશિંગ્ટનમાં રોનાલ્ડ રીગન બિલ્ડીંગ અને ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટરમાં યુએસ નેતાઓને મળશે. આ સાથે તેઓ ભારતીયોને પણ સંબોધિત કરશે. વડાપ્રધાન મોદી અમેરિકાની સ્ટેટ વિઝીટે જનારા ત્રીજા ભારતીય નેતા છે. આ પહેલા ૧૯૬૩માં પૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણન અને ૨૦૦૯માં પૂર્વ પીએમ મનમોહન સિંહ સ્ટેટ વિઝીટે મુલાકાતે ગયા હતા.

### આદીપુરૂષ ફિલ્મનો અયોધ્યામાં ભારે વિરોધ : થિયેટરમાંથી ઉતારી લેવાઈ

## મનોજ મુન્તાશીરે પાછો બફાટ કર્યો : "હનુમાનજી ભગવાન નહી ભકત છે"

નવી દિલ્હી તા. ૨૦

અયોધ્યામાં આદિપુરૂષ ફિલ્મનો ભારે વિરોધ થઈ રહયો છે. તેના ડાયલોગ સહિત અનેક બાબતો અંગે ભારે વિરોધ છે. અયોધ્યામાં ફિલ્મનો વિરોધ થતાં અયોધ્યા શહેરનાં થિયેટરોમાંથી ફિલ્મને ઉતારી લેવામાં આવી છે. દેશભરમાં આદિપુરૂષ ફિલ્મનો ભારે વિરોધ થઈ રહયો છે.

પ્રભાસ અને કૃતિ સેનનની ફિલ્મ 'આદિપુરૂષ' વિવાદોમાં ફસાયેલી છે. અગાઉ ફિલ્મના સીન અને ડાયલોગની ટીકા થઈ રહી હતી. તે જ સમયે, મનોજ મુન્તાશીરના નિવેદન પર હંગામો થયો છે. હકીકતમાં, તાજેતરમાં જ 'આદિપુરૂષ'ના ડાયલોગ રાઈટર મનોજ મુન્તાશીરે દાવો કર્યો છે કે 'હનુમાનજી ભગવાન નથી' ભક્ત છે.. "જયારથી મનોજ મુન્તાશીરનું આ નિવેદન સામે આવ્યું છે, ત્યારથી તેને સોશિયલ મીડિયા પર ખરાબ રીતે ટ્રોલ કરવામાં આવી રહ્યો છે.

'આદિપુરૂષ' રિલીઝ થયા બાદથી મનોજ મુન્તાશીરની ટીકા થઈ રહી છે. લોકો તેમના લખેલા સંવાદો પસંદ નથી કરી રહ્યા, ખાસ કરીને બજરંગબલીના સંવાદો. આવી સ્થિતિમાં મનોજ મુન્તાશીરે આપેલા ઈન્ટરવ્યુમાં પોતાનો બચાવ કર્યો અને કહ્યું, 'બજરંગબલીએ શ્રી રામની જેમ સંવાદ નથી કર્યા. કારણ કે તે ભગવાન નથી, તે એક ભક્ત છે. આપણે તેમને ભગવાન બનાવ્યા છે કારણ કે તેમની ભકિતમાં પાવર હતો.

## સમગ્ર રાજસ્થાનમાં અતિભારે વરસાદ : પાંચ જીલ્લામાં રેડએલર્ટ
## અજમેરમાં વરસાદે છેલ્લા ૧૦૦ વર્ષનો રેકોર્ડ તોડયો

જયપુર તા. ૨૦

રાજસ્થાનમાં પ્રથમ વખત ચોમાસા પહેલાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ચાર દિવસમાં ચક્રવાત બિપરજોય વાવાઝોડાથી રાજસ્થાનનાં ઘણા વિસ્તારોમાં એટલો વરસાદ વરસ્યો છે કે ચોમાસાની સિઝનનો ક્વોટા પૂરો થઈ ગયો છે. બાડમેર, પાલી, રાજસમંદ, ભીલવાડા, અજમેરના ઘણા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ છે. છેલ્લા ૨૪ કલાકમાં પાલીના મુથાણામાં ૫૩૦મિમી એટલેકે ૨૧ ઈંચ વરસાદ નોંધાયો છે.

પાલીમાં પણ ૧૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. બુંદી, અજમેર, ભીલવાડાનાં સેંકડો ગામોમાં વીજળી ડૂલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૮ લોકોનાં મોત થયાં છે. અજમેર અને જોધપુરમાં વરસાદનો છેલ્લા ૧૦૦ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. હવામાન વિભાગે આજે કોટા, બારન-સવાઈ મધેપુરમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. ચક્રવાતે અજમેરમાં વરસાદનો ૧૦૫ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. અહીં ૧૭ જૂન, ૧૯૧૭ના રોજ એક જ દિવસમાં ૧૧૯.૪ મિમીવરસાદ પડ્યો હતો, જે જૂનમાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદનો રેકોર્ડ હતો, જે ગઈકાલે તૂટી ગયોહતો. અજમેરમાં ગઈકાલે ૨૪ કલાક દરમિયાન (૧૮ જૂન સવારે ૮:૩૦ થી ૧૯ જૂન સવારે ૮:૩૦વાગ્યા સુધી) ૧૩૧.૮ મિમી વરસાદ નોંધાયો હતો. અજમેરમાં વરસાદ અહીં અટક્યો ન હતો, ગઈકાલે પણ સવારે ૮:૩૦થી સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૦૦મિમી વરસાદ નોંધાયો છે. તેવી જ રીતે જોધપુરમાં પણ ૧૨ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે.

## મમતા બેનરજીને ફટકો : કોલકત્તા હાઈકોર્ટનાં આદેશમાં દખલગીરી કરવાનો સુપ્રિમ કોર્ટનો ઈન્કાર

નવી દિલ્હી તા. ૨૦

પશ્ચિમ બંગાળમાં પંચાયતની ચૂંટણી વખતે કેન્દ્રીય દળોની તૈનાતીને પડકારતી પશ્ચિમ બંગાળની મમતા

### પશ્ચિમ બંગાળમાં પંચાયતની ચૂંટણીઓ વખતે કેન્દ્રીય દળોની તૈનાતી રહેશે

સરકાર અને રાજય ચૂંટણીપંચની અરજીને સુપ્રિમ કોર્ટે ફગાવી દીધી છે. સુપ્રિમ કોર્ટે કોલકત્તા હાઈકોર્ટનાં આદેશને યથાવત રાખ્યો છે અને તેમાં દખલગીરી કરવાનો ઈન્કાર કર્યો છે, તેનો અર્થ એ થાય કે પશ્ચિમ બંગાળમાં પંચાયતી ચૂંટણીઓ વખતે કેન્દ્રીય દળોની તૈનાતી રહેશે. સુપ્રિમ કોર્ટનાંઆ ચુકાદાથી મમતા બેનરજી સરકારને ફટકાર પડયો છે. સુપ્રિમ કોર્ટે એવું નિરીક્ષણ કર્યુ કે, ચૂંટણી નિષ્પક્ષ અને સ્વતંત્ર રીતે થવી જોઈએ. નિષ્પક્ષ ચૂંટણી કરાવવી ચૂંટણીપંચની ફરજ છે. હાઈકોર્ટનાં ચુકાદામાં દખલગીરી કરવાની જરૂર નથી તેમ સુપ્રિમ કોર્ટે નિરીક્ષણ કર્યુ હતું અને હાઈકોર્ટનાં આદેશને યથાવત રાખ્યો હતો.

## કેદારનાથ ધામમાં મહિલાએ શિવલીંગ પર નોટો વરસાવતા હોબાળો

દહેરાદુન, તા. ૨૦

આજકાલ ઉત્તરાખંડના કેદારનાથ ધામ સંબંધિત ઘણાં વીડિયો સોશિયલ મીડિયામાં ચર્ચામાં રહી છે. હાલમાં મંદિરના ગર્ભગૃહમાં સોનાના પડને લઈને હોબાળો ચાલી રહ્યો છે, ત્યારે હવે વધુ એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં એક મહિલા ગર્ભગૃહમાં પવિત્ર શિવલિંગ ઉપર નોટ ઉડાવી રહીછે. મંદિરના પૂજારીઓ પણ આ મહિલાને રોકતા નથી અને તેઓ આરામથી પૂજા કરાવી રહ્યા છે. આ વીડિયો વાયરલ થયા બાદ બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના અધ્યક્ષે આ મામલે તપાસના આદેશ આપ્યા છે.

## સૌરાષ્ટ્ર - કચ્છમાં સીઝનનો ૩૯ ટકા વરસાદ પડી ગયો

અમદાવાદ,તા.૨૦

ગુજરાતમા હજુ ચોમાસાની વિધીવત એન્ટ્રી થઈ નથી છતાં બિપોરજોય વાવાઝોડાની અસર હેઠળ ૧૯ ટકા વરસાદ પડી ગયો છે.સામાન્ય રીતે જુન મહિનામાં ૧૦-૧૫ ટકા જ વરસાદ થતો હોય છે. પરંતુ વાવાઝોડાએ વરસાદની ધમાકેદાર એન્ટ્રી કરાવી છે.

સૌરાષ્ટ્ર-કચ્છ સહીત ગુજરાતનાં મોટાભાગનાં વિસ્તારોમાં ગત સપ્તાહમાં વાવાઝોડાના પ્રભાવ હેઠળ વરસાદ વરસ્યો હતો. સમગ્ર ગુજરાતમાં સીઝનનો સરેરાશ ૧૯ ટકા જયારે સૌરાષ્ટ્ર-કચ્છમાં ૩૯ ટકા વરસાદ વરસી ગયો છે.

હવામાન વિભાગ ગુજરાતનાં વડા મનોરમા મોહંતીએ કહ્યું કે બિપોરજોયનાં આગમન પૂર્વે ટકકર વખતે અને લેન્ડફોલ બાદ કચ્છ, દેવભૂમી દ્વારકા, પાટણ તથા જામનગર જીલ્લામાં ભારેથી અતિભારે વરસાદ થયો હતો.

## તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા : મુંબઈ પોલીસે આસીત મોદી સહિત ત્રણ વિરૂધ્ધ ફરીયાદ નોંધી

મુંબઈ તા. ૨૦

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' છેલ્લાં ૧૫ વર્ષથી દર્શકોનું મનોરંજન કરે છે. સોશિયલ મીડિયા પર આ શોનું જોરદાર ફેન ફોલોઈંગ છે. શોના નિર્માતા અસિત મોદી વિરુદ્ધ જાતીય સતામણીનો કેસ નોંધવામાં આવ્યો છે. હવે આ ઘટનામાં અસિત મોદી અને અન્ય બે વિરુદ્ધ FIR નોંધવામાં આવીછે. હકીકતમાં શોમાં 'મિસિસ સોઢી'ની ભૂમિકા ભજવતી અભિનેત્રી જેનિફરે ગત મહિને નિર્માતા અસિત મોદી, એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર જતિન બજાજ અને ઓપરેશન હેડ સોહિલ રામાણી પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યોહતો. તે જ સમયે, જેનિફરની પૂછપરછ કર્યા પછી ત્રણેય વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે. ન્યૂઝ એજન્સી ANIએ ટ્વિટ કરીને આ જાણકારી આપી છે.

અભિનેત્રીએ અસિત મોદી તેમજ તારક મહેતાના એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર જતિન બજાજ અને ઓપરેશન્સ હેડ સોહિલ રામાણી સામે ફરિયાદ નોંધાવી હતી અને હવે પોલીસે કેસ નોંધ્યો છે. મુંબઈ પોલીસે અસિત મોદી, સોહિલ રામાણી અને જતિન બજાજ વિરુદ્ધ આઈપીસીની કલમ ૩૫૪ અને ૫૦૯ હેઠળ કેસ નોંધ્યો છે. જો કે આ કેસમાં હજુ સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી.


દુકાન વેચવાની છે

જૂનાગઢનાં ભરચક વિસ્તાર પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮ કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની છે. તદ્દન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮

ઉધઈ થી બચો

તમારા મકાન, બંગ્લો, ટેનામેન્ટ, દુકાન અને ઓફિસમાં ઈન્જેક્શન દ્વારા ઉધઈની ટ્રીટમેન્ટ કરી આપીશું

સચીનભાઈ મો.૯૮૨૫૯ ૭૯૨૫૧

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

### જય રણછોડ, માખણ ચોરનાં નાદ ગુંજી ઉઠયા

# ભગવાન જગન્નાથજીનાં દર્શન કરી ભકતો થયા ભાવ વિભોર



‘અષાઢી બીજ’નાં પાવનકારી પર્વ પ્રસંગે અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૬મી રથયાત્રા યોજવામાં આવી છે. ભકતોની ખબર કાઢવા નીકળેલા ભગવાન જગન્નાથજીનાં દર્શન કરવા માટે ભકતો ઉમટી પડયા છે. ૧૮ શણગારેલા ગજરાજો સહિતની ભવ્ય ‘રથયાત્રા’નાં દર્શન માટે ભાવિકો આતુરતાભેર રાહ જોઈ રહયા હતાં. જય રણછોડ, માખણચોરનાં ગગનભેદી નાદો ઉઠયા હતાં અને સર્વત્ર ભકિતભાવભર્યુ વાતાવરણ જોવા મળ્યું હતું. ભકતજનો દર્શન માત્રથી ભાવવિભોર થયા હતાં.

## આંતરરાષ્ટ્રીય જાટ સંસદનાં ૧૦માં અધિવેશનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનીપ્રેરક ઉપસ્થિતિ

### સમાજમાં ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરનાર યુવાનો અને મહાનુભાવોનું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે સન્માન



અમદાવાદ તા. ૨૦

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આંતરરાષ્ટ્રીય જાટ સંસદના ૧૦ મા અધિવેશનમાં ભાગ લેવા દુનિયાભરમાંથી પધારેલા જાટ પરિવારોને સંબોધતાં કહ્યું કે, દુનિયાને પોતાની બનાવતાં શીખો અને તમે દુનિયાના બનતાં શીખો. જીવન જીવવાની આ જ સાચી પદ્ધતિ છે. કોઠી-બંગલાનું નિર્માણ કરતાં પહેલાં પોતાના બાળકોનું નિર્માણ કરો. બાળકોને સારું શિક્ષણ આપશો તો સમાજની દશા અને દિશા સુધરશે.અમદાવાદના ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ઓડિટોરિયમ, વસ્ત્રાલમાં આંતરરાષ્ટ્રીય જાટ સંસદ દ્વારા આયોજિત અધિવેશનમાં જાટ, આંજણા જાટ, ચૌધરી, જાટ શીખ, અને વિશ્નોઈ જાટ સમાજના પરિવારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, દેશની સંસ્કૃતિ, સભ્યતા અનેપરંપરાના જતન માટે ૨૦,૦૦૦ જાટ ખેડૂતોના સૈન્ય સાથે મોગલ સલ્તનત સામે બહાદુરીપૂર્વક લડીને જાન ન્યોછાવર કરનાર ગોકુલા જાટ, મોગલો સામે ૮૦ લડાઈ જીતનાર વીર મહારાજા સૂરજમલ અને દરેક લડાઈમાં યુદ્ધ મેદાનમાં તેમની સાથે રહેલા મહારાણી કિશોરી, અંગ્રેજ કાળમાં ભારતને ટેક્નોલોજી સાથે જોડવાનો પ્રયત્ન કરનાર મહારાજા મહેન્દ્ર પ્રતાપ, રાજા નાહરસિંહ, ચૌધરી છોટુરામ જેવા મહાપુરુષો જાટ સમાજ માટે ગરિમાપૂર્ણ ઈતિહાસ મૂકીને ગયા છે. જાટ સમાજ સદીઓથી રાષ્ટ્રવાદી વિચારસરણી વાળો રહ્યો છે. સરહદ પર જઈને દેશવાસીઓની સુરક્ષા સંભાળી છે. ખેલ જગતમાં પણ જાટ સમાજે દેશનું ગૌરવ વધાર્યું છે. દુનિયામાં જાટની પ્રશંસા તેમના ગુણોને કારણે થઈ રહી છે.

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ભવિષ્યની ચિંતા કરવાનો આ સમય છે. આવનારી પેઢી સંસ્કારી, ગુણવાન, પરોપકારી, જીતેન્દ્રિય, માતા-પિતાનું સન્માન કરનારી અને કુળનું ગૌરવવધારનારીથાય એજરૂરી છે. સમાજની સાચી પૂંજી તેની આવનારી પેઢી છે. સંતાનો વ્યસનોથી દૂર રહે એવું વાતાવરણ સર્જવા તેમણે સમાજના આગેવાનોને અપીલ કરી હતી. બાળકોને સંસ્કારવાન બનાવો, ભારતીય જીવન મૂલ્યો, પરંપરા અને શિક્ષણથી દીક્ષિત કરીને તેને દુનિયા સામે મુકો. બાળકોને યોગ્ય દિશા આપો. બાળકોને ખૂબ ભણાવીને તેમને આઈએએસ અને આઈપીએસ બનાવો અને પ્રાકૃતિક ખેતી જ કરો એમ પણ તેમણે ભારપૂર્વક કહ્યું હતું.આ પ્રસંગે ચૌધરી રામસિંઘ કૂલ્હરીએ જણાવ્યું હતું કે, આજે આંતરરાષ્ટ્રીય જાટ સંસદનોમુખ્યઉદ્દેશ સમુદાયઅને સમાજના વિકાસ અનેએકતાનો છે. આપણે સૌ એકજૂથ થઈને સારા નાગરિક બનીએ. પોતે પણ શિક્ષણ મેળવી અને આપણા સમુદાયની સાથે અન્યને પણ શિક્ષણ મેળવવા માટે સહાયરૂપ થઈએ, જેથી સમાજને વધુ સબળ અને મજબૂત બનાવી શકાય. ૧૦૦ ટીમ એક લીડરનું સર્જન કરી શકતી નથી પરંતુ એક નેતા સો ટીમનું સર્જન કરી શકે છે તેમ તેઓએ કહ્યું હતું.

આ પ્રસંગે રમણભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય જાટ સંસદના અધિવેશનમાં આજે મહિલાઓ અને બહેનોની સંખ્યા વધુ જોવા મળીરહીછે, જેનો ખૂબઆનંદની વાત છે. હવે મહિલાઓ પણ સમાજના વિકાસમાં ભાગીદારી નોંધાવીરહીછે, જેથી સમાજ અને સમુદાયનો વિકાસ થઈ રહ્યો છે, જે જાટ સમાજના વિકાસનું એક મહત્ત્વ ઉદાહરણ છે એમ તેમણે ઉમેર્યું હતું.ગુજરાતમાં વસતા આંજણા ચૌધરી, આંજણા જાટ અનેઆંજણા પટેલ તથા જાટએક જ મૂળના છે. આજે આંતરરાષ્ટ્રીય જાટસંસદમાં ગુજરાતના આંજણા ચૌધરી આગેવાનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમના અંતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે સમાજમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર યુવાનો અનેમહાનુભાવોનું સન્માન કરાયું હતું. આ અધિવેશનમાં વિશ્વઆંજણા જાટ સંમેલનના અધ્યક્ષ રમણભાઈ ચૌધરી, આગેવાન ચૌધરી રામસિંહ કુલ્હરી, ધારાસભ્ય સરદારભાઈ ચૌધરી, પી. જે. ચૌધરી, જાટ સમાજના અભિનેતા બિન્દર દનૌદા, સુપ્રસિદ્ધ ગાયકો કેડી અને અભિષેક ચાહર, યુવા ઉદ્યોગપતિ દીપ સિહાગ તથા આંતરરાષ્ટ્રીય જાટ સંસદના સંયોજકો રામાવતાર પલસાનિયા અને પરમેશ્વર કલવાનિયા ઉપસ્થિત રહ્યા હતા.

### દૂધાળા પશુને સરકાર સહાય આપશે

## વાવાઝોડાથી ગુજરાતમાં કુલ ૩૨૦૭ પશુઓના મોત

### ખેડૂતોને નુકશાન બાબતે પ્રાથમિક સર્વે થયા છે તેમજ પશુ મૃત્યુ મામલે નિયમો મુજબ પશુપાલકોને રકમ મળશે, દૂધાળા પશુ માટે ૩૦ હજાર સહાય સરકાર કરશે

અમદાવાદ, તા.૨૦

બોપોરજોય વાવાઝોડા પછી ગાંધીનગર ખાતે પ્રથમવાર મળેલી કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, બિપોરજોય વાવાઝોડા સમય કેન્દ્રસરકારના માર્ગદર્શન અને મુખ્યમંત્રીની સુચનાથી રાજયમાં ખૂબ સરસ તમામે કામગીરી કરી છે અને આ પરિસ્થિત પહોંચી વળ્યા છીએ.

ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ગુજરાત પરથી વાવાઝોડાની ઘાત પસાર થઈ ચૂકી છે અને ૬ તારીખથી વાવાઝોડાની જાણકારી મળ્યાથી તંત્ર અલર્ટ થયુ હતુ તેમજ વાવાઝોડાની માહિતી મળતાની સાથે જ જિલ્લા કક્ષાએબેઠકો કરી હતી. ઝડપથી લોકોને બચાવવા માટે એક્શન પ્લાન ઘડવામાં આવ્યો હતો અને PMના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે સફળ કામગીરી કરી છે. તેમણે ઉમેર્યુ કે, અગાઉ વાવાઝોડાની જાણકારી મળતી ન હતી અનેહવે ટેક્નોલોજીને કારણે આવનારી આફતનીજાણકારી મળી રહે છે.

પ્રવક્તા મંત્રીએ જણાવ્યું કે, વાવાઝોડા બાબતે હવામાન ખાતું સચોટ સાબિત થયુ છે. તેમજ જે લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા તેમના પુનઃ વસવાટની કામગીરી કરી છે. પીવાના પાણી માટે પંપિંગ સ્ટેશન સુધી વીજળી પહોંચાડી દીધી છે. સરકારી કચેરીઓમાં પણ ફરી વીજળી શરુ કરવામાં આવી છે અનેઆવતીકાલ સાંજ સુધી ૯૫ ટકા વીજળીની કામગીરી પૂર્ણ થશે તેમજ વાવાઝોડા દરમિયાન કેટલાક પશુઓના મૃત્યુ નોંધાયા છે.

અમદાવાદમાં રથયાત્રાના આયોજન પર ઋષિકેશ પટેલે જણાવ્યું કે, શાંતિપૂર્ણ રીતે રથયાત્રા યોજાઈ શકે તેના માટે સરકારે આયોજન કર્યુ છે તેમજ યોગ દિવસ મામલે પણ સરકારે આયોજન કર્યુ છે. ૧૦૮ દેશના પ્રતિનિધીઓ PM સાથે યોગ કરશે.

તેમણે કહ્યું કે, ખેડૂતોને નુકશાન બાબતે પ્રાથમિક સર્વે થયા છે તેમજ પશુ મૃત્યુ મામલે નિયમો મુજબ પશુપાલકોને રકમ મળશે. દૂધાળા પશુ માટે ૩૦ હજાર સહાય સરકાર કરશે. તેમજ બળદ, પાડા, ઉંટ અને ઘોડા સંદર્ભે સર્વે ચાલી રહ્યો છે. તેમણે કહ્યું કે, ખેતીવાડી વિભાગે જૂદી જૂદી ટીમ બનાવીને પ્રાથમિક સર્વે કરી રહી છે. વાવાઝોડાના કારણે કુલ ૩૨૦૭ પશુઓના મૃત્યુ થયા છે. જેમાં ૧૭૧ ગાય અને ૧૬૬ ભેંસોના વાવાઝોડાને કારણે મૃત્યુ થયા છે. ૫૩ હજાર હેકટરમાં નુકશાન ૧૪,૮૮૭ ફળના વૃક્ષો નાશ થયા તેમજ ૮૨ હજાર બાગાયતી પાકો માથી ૫૩ હજાર હેક્ટરમા નુકશાન થયું છે. તેમણે કહ્યું કે, બાગાયતી પાકો બાબતે SDRFના નિયમ ઉપરાંત વધારાની સહાય માટે ચર્ચા થશે.

ઋષિકેશ પટેલે કહ્યું કે, વધારાની સહાય માટે CM અને કૃષિમંત્રી રાઘવજી પટેલ ચર્ચા કરશે અને કેશડોલ્સની સંપૂર્ણ કામગીરી ૫ દિવસમાં પૂર્ણ થશે. તેમણે કહ્યું કે, પીજીવીસીએલને વાવાઝોડાના કારણે ૭૮૩ કરોડનું નુકશાન થયું છે. સનાથલ બ્રીજ બાબતે ઋષિકેશ પટેલ કહ્યું કે, સનાથલ બ્રિજ મામલે તપાસ થશે અને સ્ટેબિલીટી અને સ્ટ્રેંગ્થની તપાસ થઈ રહી છે

### ઓનલાઈન માધ્યમથી જ શાળાઓની પુનઃ પસંદગી કરી શકાશે

## RTE પ્રવેશ પ્રક્રિયા ૨૧ જૂન સુધી શાળાઓની પુર્નઃ પસંદગી કરી

### કોઈ પણ શાળાઓની પુર્નઃ પસંદગી વખતે પોતાની પસંદગી અનુસાર ક્રમ મુજબ શાળાઓ પસંદ કરવી જરૂરી હોવાનું જણાવ્યું છે

અમદાવાદ, તા.૨૦

RTE -૨૦૦૯ અંતર્ગત અરજી કરેલી હોય તેવા વિધાર્થીઓ અરજીમાં પસંદ કરેલી શાળાઓમાં ફેરફાર કરવા માંગતા હોય એટલે કે પ્રવેશપ્રક્રિયાના બે રાઉન્ડનાઅંતે ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુનઃપસંદગી કરવા માંગતા હોય તેવા વિધાર્થીઓ તા. ૨૧/૦૬/૨૦૨૩ બુધવાર સુધીમાં RTEના વેબપોર્ટલ https://rte.orpgujarat.com પર જઇ શાળાની પુનઃ પસંદગી કરી શકશે. આ સમગ્ર પ્રક્રિયા માટે શાળાઓની પુનઃ પસંદગીનાં મેનુ પર ક્લિક કરવા જણાવવામાં આવ્યુંછે. ત્યાર બાદ એપ્લિકેશન નંબર અને જન્મ તારીખની મદદથી લોગ ઇન કરી શાળાઓની પુનઃ પસંદગી કરવાની રહેશે. કોઈ પણ શાળાઓની પુનઃપસંદગી વખતે પોતાની પસંદગી અનુસાર ક્રમ મુજબ શાળાઓ પસંદ કરવી જરૂરી હોવાનું જણાવ્યુ છે. ત્યારબાદ સબમીટ બટન પર ક્લિક કરી પ્રિન્ટ મેળવી પોતાની પાસે રાખવાની રહેશે. શાળાઓની પુનઃ પસંદગી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો અરજી પત્રકમાં આપવામાં આવેલા હેલ્પલાઈન નંબર પર વિદ્યાર્થીઓ સંપર્ક કરી શકશે. જે વિદ્યાર્થીઓ શાળાઓની પુનઃ પસંદગી કરવા નહી માગતા હોય તેવા વિદ્યાર્થીઓ અગાઉ પસંદ કરેલ શાળાઓને માન્ય રાખી નિયમ અનુસાર ત્રીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ખાસ કરીને આ બેઠકમાં પ્રથમ રાઉન્ડ તેમજ બીજા રાઉન્ડની પ્રવેશપ્રક્રિયા બાદ સમગ્રરાજ્યમાં અંગ્રેજી માધ્યમની ૧૩,૦૬૮, ગુજરાતી માધ્યમની ૧૫,૪૦૪, હિન્દી માધ્યમની ૨૮૨૮, અન્ય માધ્યમની ૨૯૧ સહિત કુલ ૩૧,૬૦૯ જેટલી જગ્યાઓ ખાલી રહી છે. મહત્વનુ છે કે જે પણ વિદ્યાર્થીઓની અરજીઓ માન્યકરાઈ હોયઅનેRTEપ્રવેશ પ્રક્રિયાના પ્રથમ કે બીજારાઉન્ડમાં પ્રવેશ મળ્યો નથી માત્ર તેવા જ વિદ્યાર્થીઓને RTE હેઠળની ખાલી જગ્યા ધરાવતી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓની પુનઃ પસંદગી કરવા તક આપવામાં આવે છે. આ પ્રક્રિયા દરમ્યાન વધુમાં વધુ વિદ્યાર્થીઓને RTE હેઠળ પ્રવેશ આપી શકાય એમ યાદીમાં જણાવાયુંછે. મહત્વનુ છે કે, RTE ACT-૨૦૦૯ની કલમ ૧૨.૧(ક) અન્વયે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧ માં નબળા અને વંચિત જૂથનાં બાળકોનેપ્રવેશઆપવા માટે ચાલુ વર્ષે RTE પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ તા. ૦૪/૦૫/૨૦૨૩ તથા બીજોરાઉન્ડ તા. ૨૯/૦૫/૨૦૨૩ નાં રોજ જાહેર કરવામાં આવ્યો હતો. બન્ને રાઉન્ડના અંતે એકંદરે ૫૯,૮૬૯ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. ફાળવવામાં આવેલ પ્રવેશ પૈકી ૫૧,૫૨૦ જેટલા બાળકોએપ્રવેશ ફાળવાયેલશાળાઓમાં જઈપ્રવેશ સુનિશ્ચિત કરાવ્યો છે.

### મુન્દ્રા સહિતના વાડી વિસ્તારોમાં વીજ પોલ ધરાશાયી

## કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ઠપ્પ અંદાજિત ૧૦ દિવસ લાઈટ ન આવવાની શક્યતા

### મુન્દ્રા સહિતના વાડી વિસ્તારોમાં વીજ પોલ ધરાશાયી થયા છે જેના કારણે વીજ પુરવઠો ખોરવાતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે

કચ્છ, તા.૨૦

બોપોરજોય વાવાઝોડાના કારણે રાજ્યના અનેક જિલ્લાઓમાં નાના મોટું નુકસાન થયું છે. આવાવાઝોડાએ કચ્છમાં લેન્ડફોલ કર્યું હતું જેના કારણે તેની અસર કચ્છમાં વધુ વર્તાઈ છે. જ્યાં અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા તો પતરા ઉડ્યા હતા તેમજ અનેક વીજપોલ ધરાશાયી થયા છે. કચ્છમાં બિપરજોય વાવાઝોડાની વિનાશક અસર વર્તાઈ છે. જ્યાં ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો છે તેમજ મુન્દ્રા સહિતના વાડી વિસ્તારોમાં વીજ પોલ ધરાશાયી થયા છે. જેના કારણે વીજ પુરવઠો ખોરવાતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. પાપ્ત વિગતો મુજબ હજુ અંદાજિત ૧૦ દિવસ લાઈટ ન આવવાની શક્યતાઓ પણ વર્તાઈ રહી છે.

એક તરફ વાવાઝોડાએ ખેતી પાકમાં મોટા પાયે નુકસાન વર્યુ છે તો બીજી તરફ વીજપોલ ધરાશાયી થવાના કારણે વીજ પુરવઠો ખોરવાયો છે જેન લઈ બચી ગયેલા પાકને પાણીની જરૂરિયાત ઉભી થતાં તે ટાઈમ પર આપી શકાય તેમ નથી.

કારણ કે, વીજપોલ ખૂબ જ ધરાશાયી થયા હોવાથી વીજકર્મીઓ યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યા હોવા છતાં હજું પણ ૧૦ દિવસ સમય લાગે તેવી વિગતો છે.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા

# વિશ્વ યોગ દિનની ઉજવણી નિમિતે પ્રિ-યોગા ડે કાર્યક્રમ રૂપે ‘સૂર્ય નમસ્કાર’નો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૨૦ જૂનાગઢ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા તા.૧૭/૦૬/૨૦૨૩ શનિવારના રોજ નવમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિતે પ્રિ-યોગા ડે કાર્યક્રમ રૂપે ’સૂર્ય નમસ્કાર’નું કુલપતિશ્રી પ્રો.(ડો.) ચેતનભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ અને રજીસ્ટ્રાર ડો.મયંકભાઈ સોનીના અધ્યક્ષસ્થાને આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યોગ નિષ્ણાંત તરીકે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના જુનાગઢ જિલ્લા કોચ શ્રી પ્રતાપભાઈ થાનકીએ પોતાની સેવા આપી હતી. તેઓની સાથે અન્ય યોગ ટ્રેઈનર્સ એમ.ડી.ચૌહાણ, જીતેન્દ્રસિંહ ચૌહાણ, શ્રીમતી ઉષાબેન ચૌહાણ (થાનકી) પણ જોડાયા હતા. સૂર્ય નમસ્કારમાં યુનિવર્સિટીના તમામ ટીચિંગ, નોનટીચિંગ સ્ટાફ જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન તથા અંતમાં આભારવિધિ યોગા ડે કો-ઓર્ડીનેટર ડો.પરાગ દેવાણીએ કરી હતી.

# જૂનાગઢ મનપા દ્વારા આંતરરાષ્ટ્રીય યોગદિનની ઉજવણી નિમિત્તે ૨૧ જગ્યાએ યોગ કાર્યક્રમ

જૂનાગઢ, તા.૨૦ મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા શહેરી જનોની આરોગ્ય સુખાકારી જળવાય અન તણાવ મુકત જીવન માટેના હેતુથી આવતીકાલ તા.૨૧ જુન વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે જેના ભાગરૂપે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૬/૨૦૨૩ સમય ૫:૪૫ થી ૭:૪૫ કલાકે ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ, ખામધ્રોળ રોડ જૂનાગઢ ખાતે યોજાશે અને આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જનસમુદાય જોડાય તે માટે શહેરી વિસ્તારમાં વોર્ડ વાઈઝ યોગ કાર્યક્રમનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમમાં સૌ શહેરીજનો બહોળી સંખ્યામાં જોડાવા અપીલ કરવમાં આવે છે. ૨૧મી જુન-૨૦૨૩ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી અંગેના યોજાનારા કાર્યક્રમમાં વોર્ડ નં.૧ જ્ઞાનબાગ ગુરૂકુળ સાબલપુર ચોકડી, વોર્ડ નં.૨ ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ ખામધ્રોળ રોડ, વોર્ડ નં.૩ સુભાષ આર્ય કન્યાલય ખામધ્રોળ રોડ, વોર્ડ નં.૪ એન.જી.ભુવા જોષીપરા સરદાર પરા, વોર્ડ નં.૫ મહાત્મા ગાંધી નર્સિંગ કોલેજ ઝાંઝરડા રોડ, વોર્ડ નં.૬ જીનિયસ સ્કુલ, ખલીપુર રોડ, વોર્ડ નં.૭ નોબલ હાઈસ્કુલ ગીરીરાજ રોડ, વોર્ડ નં.૮ નરસિંહ વિદ્યામંદિર કોર્ટ પાસે, વોર્ડ નં.૯ કન્યા શાળા નં.૪, ગોધાવાવ પાર્ટી ગીરનાર રોડ, વોર્ડ નં.૧૦ સરકારી ગર્લ્સ સ્કુલ આઝાદ ચોક, વોર્ડ નં.૧૧ આલ્ફા હાઈસ્કુલ મોતીબાગ પાસે, વોર્ડ નં.૧૨ ટીંબાવાડી પ્રા.શાળા બગીચા પાસે, વોર્ડ નં.૧૩ એન.વી. કાંબલીયા હાઈસ્કુલ મોતીબાગ રોડ, વોર્ડ નં.૧૪ એન.પી. ભાલોડીયા હાઈસ્કુલ કોલેજ રોડ, વોર્ડ નં.૧૫ સ્વામિ વિવેકાનંદ વિનયમંદિર હાઈસ્કુલ, ટાઉન હોલ પાછળ, વોર્ડ નં.૧૨ ટીંબાવાડી પી.એચ.સી. સેન્ટર, ટીંબાવાડી ઝોનલ ઓફીસ પાસે, વોર્ડ નં.૧૪ ગાંધીગ્રામ પી.એચ.સી. સેન્ટર સિંધી સોસાયટી પાસે, વોર્ડ નં.૧૫ આંબેડકર પી.એચ.સી સેન્ટર આંબેડકટર નગર પાસે, વોર્ડ નં.૧ દોલતપરા પી.એચ.સી. સેન્ટર, સ્વામી નારાયણ સોસાયટી પાસે, વોર્ડ નં.૬ શાંતેશ્વર પી.એચ.સી. સેન્ટર, શાંતેશ્વર નગર રોડ, વોર્ડ નં.૯ ગણેશનગર પી.એચ.સી. સેન્ટર ગેડા અગર રોડ સહીતના સ્થળોએ યોગ કાર્યક્રમ યોજાશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# મધ્યસ્થ રાતે પ્રેમીને મળવા માટે ઘરેથી નીકળેલી દીકરીનું માતા-પિતા સાથે પૂનઃ મિલન કરાવતી ૧૮૧ અભયમ ટીમ

## અભયમના કાઉન્સિલિંગ થકી સગીરવયની દિકરી ઘરે પરત જવા તૈયાર થઈ

જૂનાગઢ, તા.૨૦ જૂનાગઢ શહેરના મધ્ય વિસ્તારમાંથી મધ્ય રાતે ૧૮૧ ટીમને એક જાગૃત નાગરિક દ્વારા કોલ કરી જાણ કરવામાં આવી હતી કે, રસ્તા ઉપર કોઈ અજાણી છોકરી બેસેલી છે. જેથી તે ક્યાંથી અને કેવી રીતે અહીંયા આવી છે. તે માટે જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ અભયમ ટીમને જાણકારી માટે મદદ માંગી હતી. ત્યાંરે ફરજ ઉપરના ૧૮૧ કર્મચારી તન્વીકા પરમાર, પોલીસ કોન્સ્ટેબલ ઉજાલાબેન ખાણીયા અને પાયલોટ રાહુલભાઈ ખાવડુ તાત્કાલિક ધોરણે સ્થળ ઉપર પહોંચી બેન સાથે વાતચીત કરી કાઉન્સિલિંગ કરી સગીરા સાથે વાત જાણવા મળેલ કે, તેઓ તેમના પ્રેમીને મળવા માટે ઘરેથી માતા-પિતાની જાણ વગર નીકળી ગયેલા હતી. રસ્તા ઉપર આવી બેસી ગયેલ તેમજ તેઓ તેમના પ્રેમીને ફોન કરતા હોય પણ ત્યારે તેમના પ્રેમીઓ ફોન બંધ આવતો હતો. જેથી સગીરાને આગળ કશું ન સુજતા તેઓ કોઈ સૂનશાન જગ્યા ઉપર આવી અને બેસી ગયેલ માટે ટીમના કાઉન્સેલરે કાઉન્સલિંગ કરી તેમને સમજાવેલ કે આવી રીતે અડધી રાતે ઘરની બહાર નીકળવું સેફ નથી. તેમજ માતા-પિતા સાથે સંપર્ક કરી દીકરીનું તેમના માતા-પિતા સાથે પૂનઃ મિલન કરાવ્યું હતું.

# ૨૧ જુન વિશ્વ સંગીત દિવસ

**રાજકોટ આકાશવાણીથી કારર્કીદી શરૂ કરી વિશ્વ વિખ્યાત બનનાર સારંગી વાદક ઉસ્તાદ સુલતાનખાં સોમનાથને આંગણે પોતાનો સ્વર-વાદ્ય અભિષેક કરેલ છે**

**રાજકોટના વોઈસ ઓફ લતા મંગેશકર તરીકે જાણીતા બનેલા ભુપેન્દ્ર વસવાડાએ સોમનાથ મંદિર સાનિધ્યે બાળપણમાં કંઠય સંગીત પ્રસ્તુત કરેલ છે**

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૧ સમગ્ર વિશ્વમાં ૨૧ જુને વિશ્વસંગીત દિવસ ઉજવાય છે. એમ કહેવાય છે કે, ફ્રાન્સમાં ૧૯૮૨માં તત્કાલીન સાંસ્કૃતિક મંત્રી જેક લેંગે પહેલીવાર દેશના લોકોનો સંગીત પ્રત્યે પ્રેમ જોઈ ૨૧ જુનને સંગીત દિવસ મનાવવા ઘોષણા કરી. પ્રભાસ પાટણમાં કંઠય સંગીત ગાનારા-વાદ્ય, વગાડનારા કે, સંગીત રસ રૂચી સાંભળવા ધરાવનાર મોટા વર્ગ હતો. પ્રભાસ પાટણ સ્વ.નિરંજન મહેતાએ કંઠ સાધનાએ વોઈસ ઓફ મન્નાડે તરીકે ગુજરાતભરમાં જાણીતા થયા હતા. સોમનાથ મહાદેવ મંદિર નવનિર્માણ થયું ત્યારે વરસો લગી દરરોજ સાંજે જામનગરના આત્મારામ બાપા જોષી સોમનાથ મંદિરમાં સંગીત કંઠ સાથે વગાડતા ગાતા, વેરાવળના દામુભાઈ ઘડીયાળી તબલા વાદક સાથે કંઠ સંગીતથી જાણીતા હતા તો ટપુ માસ્તર પણ સંગીત વારસાનો જીવંત રાખતા રાષ્ટ્રીય ચળવળ સમયે જેની ગ્રામોફોન રેકર્ડ બહાર પડેલી ‘મેરી માતા કે સરપે તાજ રહેગા’ના બુલંદી ગાયક માસ્ટર વસંતનો વેરાવળ સાથે પારીવારીક નાતો હતો. પ્રભાસ પાટણના માર્કેન્ડભાઈ પાઠક અને બી.આર. દવે સંગીતના રસિકો છે જેના કબાટમાં આજેય કંઠય સુગમ સંગીત અને જુના ફિલ્મની કેસેટો, વીસીડી ટેપ પ્રાચીન દુર્લભ વારસા તરીકે જાળવી રાખી છે. સીંધી ગાયક માસ્ટર મુલચંદ અવાર નવાર સોમનાથ, વેરાવળ આવતા અને સંગીતની બેઠકો યોજાતી તે સમયના ફાસ્ટેસ્ટ કિબોર્ડ પ્લેયર કાંતીભાઈ સોનછત્રા વેરાવળ, સોમનાથ આવતા અને સંગીતની બેઠકો નથી. નવી પેઢી જેને પિયા બસાંતી રે, કાહે સતાયેથી ઓળખે છે તેવા રાજકોટ આકાશવાણીમાં તે સમયમાં સારંગીવાદક તરીકે નોકરી કરતા સુલતાનખા સોમનાથ દાદાની સાનિધ્યમાં કલા અભિષેક કરી ચુકેલ છે. પુરૂષોત્તમ ઉપાધ્યાય, રાસબિહારી દેસાઈ, નયન પંચોલી, શ્યામલ સૌમલ મુન્શી, મકબુલ હુસેનખા, કલ્યાણી કોઠારકર, હેમુ ગઢવીએ સોમનાથ દાદાના સાનિધ્યમાં લોકસંગીત અને નાટય રજુ કરેલા છ. રાજકોટના ભુપેન્દ્ર વસાવડા જયારે બાળક હતા ત્યારે સોમનાથ દાદા સાનિધ્યે તેમણે ફિલ્મ ઝનક ઝનક પાયલ બાજેનું ફિલ્મ ગીત લતા મંગેશકરના અવાજમાં જો તુમ તોડ પીયા મૈ નહી તોડું રે રજુ કરેલ. રાજકોટના પંકજ ભટ્ટ પરમ શિવ ઉપાસક છે તો ગાયક કિર્તીદાન ગઢવી, ઓસમાણ મીર સહિતના કલાકારો પ્રસંગોપાત સોમનાથ ખાતે શિવંગીતો રજુ કરતા જ રહે છે.

# જૂનાગઢમાં ચોથી વખત જનરલ નોલેજ લેખિત સ્પર્ધા યોજાઈ



જૂનાગઢ, તા.૨૦ શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવકમંડળ ટ્રસ્ટ–જૂનાગઢ દ્વારા તા.૧૮।૬।૨૦૨૩ને રવિવારનાં રોજ દુબડી પ્લોટ -જૂનાગઢ ખાતે ધોરણ ૬ થી ૧૨ સુધીનાં તમામ વિદ્યાર્થીઓ જૂનાગઢ શહેર ઓપન ચોથી વખત જનરલ નોલેજ લેખિત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં માત્ર ૧૪ (ચૌદ) વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હતો. પરીક્ષા પુરી થયા બાદ તરતજ પરિણામ તૈયાર કરી ૧ થી ૩ નંબરનાં વિજેતાઓને પ્રમાણપત્ર અને ઈનામો આપી સન્માનિત કર્યા હતા. ત્યાર પછી તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામો આપી સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમમાં જૂનાગઢનાં સામાજીક કાર્યકરો જેમાં પ્રતિકભાઈ મિશ્રાણી, જયશ્રીબેન ગાલોરીયા, મિતલબેન રાડા, રમીલાબેન ઘુચલા, રોશનીબેન ઘુચલા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તમામ ઉપસ્થિત મહેમાનોએ આ કાર્યને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં અલગ અલગ દાતાઓનો સહકાર મળ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્ર ઘુચલાએ જહેમત ઉઠાવી હતી.

# જગન્નાથજીની શોભાયાત્રાનું કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા ગુલાબ ફુલોથી સ્વાગત કરવામાં આવશે

જૂનાગઢ, તા.૨૦ જૂનાગઢમાં બિરાજતા શ્રી ભગવાન જગન્નાથજી તથા બહેન શ્રી સુભદ્રાજી અને ભાઈ શ્રી બલભદ્રજીની રથયાત્રા દર સાલ મુજબ આ વર્ષે ૧૯મી રથયાત્રાનું ગુલાબના ફુલોથી કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિના હિન્દુ-મુસ્લિમ આગેવાનો જવાહર રોડ સેજના ઓટા જૂનાગઢ કાર્યાલયે સાંજે ૩ : ૩૦ કલાકે સ્વાગત કરશે. બટુકભાઈ મકવાણા જીસાનભાઈ એડવોકેટ, મનોજભાઈ ભટ્ટ, જીતુભાઈ મણવર, મન્નાબાપુ કાદરી, કે.ડી.સગારકા, કાળુભાઈ ડીવાર, વહાબભાઈ કુરેશી, પ્રફુલભાઈ કાલરીયા, સોહીલ સિદીકી, કાસમભાઈ જુણેજા વગેરે આગેવાનો ઉપસ્થિત રહેશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# વાવાઝોડા બાદ હજુ પણ વિજતંત્રની હાલતમાં કોઈ સુધારો નહીં !

## અમૃત મહોત્સવ વર્ષમાં પ્રજા તંત્રનાં દેશમાં પ્રજા તંત્રની ગુલામ



(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા)

દ્વારકા તા.૨૦ બીપોરજોય વાવાઝોડું તો ગત તારિખ ૧૫ના આવીને ચાલ્યું ગયું પણ વર્ષ ૧૯૯૮માં ટાંચા સાધનો ટેક્નોલોજીનો પૂરો વિકાસ કે ઉપયોગનાં અભાવે અહીંની પ્રજા છ દિવસ બાદ વીજ પુરવઠો મેળવવા માટે ભાગ્ય શાળી બનેલ ત્યારે પચીશ વર્ષ બાદ અહીંની પ્રજાને ગત તા.૧૪-૬-૨૩ના રાત્રીથી બંધ થયેલ વીજ પુરવઠો છ દિવસ થયાં છતાં હજુ મળેલ નથી અને ક્યારે મળશે તે ખબર નથી. હકીકતમાં પચીસ વર્ષ પહેલા ડિઝાસ્ટર મેનેજમેન્ટ નામનો કોઈ વિભાગ કાર્યરત ના હતો કે વીજ તંત્રનું વહીવટ સુધારણાના નામે સરકારી કોર્પોરેટર કમ્પનીમાં વિભાજન થયેલ નહીં. ફકત રાજયભરમાં ગુજરાત વિદ્યુત બોર્ડ કાર્યરત હતું અને તેના ઉપર સરકારનું સીધુ નિયમન હતું છતાં ત્યારે પ્રજાને છઠા દિવસે વીજ પુરવઠો યથાવત મળવાનું ચાલુ થયેલ. જયારે અહીં ક્યારે વીજ રાણીના દર્શન થાય તેની પ્રજા ચાતક નજરે રાહ જોઈ આઝાદીના અમૃત પર્વ વર્ષમાં પણ વીજ તંત્રની ગુલામીમાં જીવી રહ્યાનું અનુભવી રહ્યાનું બહાર આવેલ છે. અહીં ટેક્નોલોજીનાં વિકાસને આંખ સામે જોતા પ્રજા જોઈ રહેલ છે કે યાત્રાધામ બેટ દ્વારકા વર્ષા ૧૯૭૮માં રાજયમાં એકમાત્ર વીજળી વિહોણા ગામ તરીકે જાણીતી હતી ત્યાં ઈલેક્ટ્રિક કેબલ અંડર સી દ્વારા ત્યાં વીજ પુરવઠો પહોંચી રહેલ છે અને વાવાઝોડા બાદ વીજ પુરાવઠો ખોરવાય તો ત્યાં વીજળી આપવા અગાઉથી પંદર હેવી જનરેટર સેટ પહોંચાડવામાં આવ્યા છે. જે તસ્વીરમાં સ્પષ્ટ દેખાય છે. અહીં પણ આશ્ચર્ય ઉપસ્થિત કરતો પ્રશ્ન તે ઉપસ્થિત થાય છે કે જો તંત્ર દ્વારા છેલા દશ દિવસથી વાવાઝોડાની પરિસ્થિતિ બાદ ઉત્પન્ન થનાર બાદની કામગીરી અર્થે રાજયભરના જે તે તંત્રને એલર્ટ કરી શક્ય તેટલો સ્ટાફ જ્યાં ત્યાં અસરગ્રસ્ત વિસ્તારમાં છેલ્લા દશ દિવસથી ઉતારી પોતાની તૈયારી બતાવી રહેલ ત્યારે સમયે જો પચીસ વર્ષા અગાઉની જ પરિસ્થિતિ નિર્માણ થતી હોય તો તેના માટે ફક્ત અને ફક્ત કોઈ જવાબદાર હોય તો તે ખાનગીકરણની અને સ્ટાફના બદલે કોન્ટ્રેક્ટ પદ્ધતિથી જે તે વિભાગોમાં પ્રજાની સેવાની સોંપવામાં આવેલ જવાબદારીઓ છે...છે...અને...છે...તે સનાતન્ સત્ય છે. અહીં પણ વધુ આશ્ચર્ય જનક હકીકત તે બહાર આવેલ છે કે વીજ તંત્ર દ્વારા વાવાઝોડાં પહેલા ડિઝાસ્ટર મેનેજમેન્ટ હેઠળ આવતા જે તે વિભાગને રાઉન્ડ ધ ક્લોક વીજ પુરવઠો મળી રહે તેવી સ્પેશ્યલ વીજ લાઈનોની વ્યવસ્થા ગોઠવેલ અને ત્યાં આજપણ સતત વીજ પુરવઠો ચાલુ છે. તો પ્રજા માટે જીવન જરૂરી અનાજ દળવાની ઘંટી, મોબાઈલ બેટરી ચાર્જ કરવી, ઈન્વેટરની બેટરી ચાર્જ કરવી, વાહનોમાં હવા ભરવા માટે એર કમ્પ્રેસર, જેવી પ્રજાની પ્રાથમિક જરૂરિયાત માટે વીજ પુરવઠો ક્યારે તેવો પ્રશ્ન પ્રજા ડબલ એન્જીનની સરકારને પૂછી રહેલ છે. અહીં હવે વીજ પુરવઠો ચાલુ કરવા માટે જે વીજ પોલ ઉભા કરવામાં આવી રહ્યા છે તે સાથે સામેલ તસ્વીરમાં જોઈ શકો છો કે નિયમ મુજબ પાંચ ફૂટ ઊંડા ખાડામાં ઉતારવાનાના હોય છે અને તે સ્પષ્ટ દેખાય કે તેટલા ઊંડા ઉતારવામાં આવ્યા છે તે માટે દરેક વીજ પોલ ઉપર નિશાની સ્વરૂપે પાંચ ફૂટનાં અંતર ઉપરનાં ભાગે બે મોટા રાઉન્ડની નિશાની ઉપર પીજીવીસીએલનું નામ લખેલ હોય છે જે મોટા હોલ જોં બહાર દેખાય તો તે નિયમ મુજબ ઊંડા ઉતારવામાં આવેલ નથી. જે બહારથી પ્રથમ દ્રષ્ટિએ ખ્યાલ આવે તેવી વ્યવસ્થા વચ્ચે સામેલ તસ્વીરમાં સ્પષ્ટ દેખાય છે કે અત્યારે વીજ પોલ ઉભા કરવાનું કામ કેટલી હલકી કક્ષાનું અને આ વીજપોલ ઊંડા ઉતારવાના બદલે તેના ઉપર જે વીજ વાયર લગાવવામાં આવશે તેના ભરોસે રાખવામાં આવ્યા છે. ત્યારે જલ્દી વીજ પુરવઠો ચાલુ કરવાના સરકારી આદેશોનું કેવું પાલન વીજ બોર્ડના ભ્રષ્ટ અધિકારીઓ આ ખાનગી કોન્ટ્રાકટ પાસે કરાવી રહ્યા છે. તેનો સ્પષ્ટ પુરાવો જો પ્રજા જોઈ રહી હોય તો શું વીજ તંત્રને દેખાતું નથી તેવો પ્રશ્ન પ્રજા પૂછી રહી છે.

# શારદા આયંગર એક ઉપેક્ષિત ગાયિકા

તાજેતરમાં દક્ષિણ ભારતમાં વસતાં બહું ઓછાં જાણીતાં ગાયિકા શારદા આયંગરનુ દુઃખદ અવસાન થયું. બહું મર્યાદિત અખબારોએ આ બાબતના સમાચાર છાપીને એમને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા છે. શારદાબેન આયંગર આમ તો તમિલનાડુના સુપ્રસિદ્ધ ગાયિકા હતાં પરંતુ એમણે અમુક મહામૂલા હિન્દી ફિલ્મી ગીતોમાં પોતાના કંઠના કામણ પાથર્યા છે. શંકર જયકિશનની જોડીના શંકર રઘુવંશીએ એક સ્ટેજ શોમાં શારદાને ગીતો ગાતાં સાંભળ્યાં હતાં અને એમના અવાજથી પ્રભાવિત થઈને શારદાની રૂબરૂ મુલાકાત લઈને મુંબઈ આવવાનું આમંત્રણ આપ્યું હતું. આમ શારદાની તામિલનાડુ અને મુંબઈની સફરો થવા માંડી પણ એમનો ગજ વાગતો ન હતો, ત્યાં અચાનક સૂરજ ફિલ્મમાં એક નવા સ્ત્રી ગાયિકાના અવાજની આવશ્યક્તા ઉભી થઈ અને શારદાનું ભાગ્ય ખુલ્યું અને શંકર રઘુવંશીએ શારદાને તાત્કાલિક મુંબઈ આવવાનું કહેણ મોકલ્યું અને તાબડતોબ શારદા શંકર જયકિશનના ખેમામાં હાજર થયાં અને સૂરજ ફિલ્મનું શારદાની કારકિર્દીનું પ્રથમ ગીત " તીતલી ઉડી, ઉડ જો ચલી" રેકોર્ડ થયું. આ ગીત એટલું મશહૂર થયું અને એ ગીતમાં કામણ કરનાર શારદા પણ રાતોરાત પ્રસિદ્ધિ પામ્યા. ત્યાર પછી એ ફિલ્મનું બીજું ગીત " દેખો મેરા દિલ મચલ ગયા, તૂને દેખા ઔર બદલ ગયાં" પણ મશહૂર થયું. આમ આ બે ગીતોથી શારદા આયંગર લાઈમલાઈટમાં આવી ગયાં હતાં. અન્ય સ્ત્રી અવાજો કરતાં શારદાનો અવાજ બહું અલગ પડતો હતો. શારદા દક્ષિણ ભારતીય હોવા છતાં પણ એમનાં ઉચ્ચારણમાં જરા સરખી પણ દક્ષિણ ભારતીય ભાષાની છાંટ વર્તાતી ન હતી. હિન્દી ભાષા અને એનાં ઉચ્ચારણોનો એમણે ખાસો અભ્યાસ કર્યો હતો. તેઓ શિસ્તના કડક હિમાયતી હતાં અને રેકોર્ડિંગ રૂમમાં ક્યારેય મોડાં પહોંચતાં ન હતાં.

જો કે શારદાને જેટલી તક મળવી જોઈતી હતી એટલી મળી નહોતી. માત્ર શંકર જયકિશનની જોડીએ એમના કંઠનો થોડો વધારે ઉપયોગ કર્યો હતો. બાકીનાં સંગીતકારોએ શારદાના અંદાજ અને અવાજની રીતસરની ઉપેક્ષા જ કરી હતી. બીજું કે ફિલ્મી લાઈનમાં પહેલેથી જ ખટપટ અને કાવાદાવાઓ ચાલતાં હતાં અને તેઓ શિસ્તના આગ્રહી હતા એથી એમને અમુક સંગીતકારો સાથે મનમેળ બેઠો નહીં. આમ છતાં શારદાના નીચે મુજબનાં ગીતો લોકપ્રિય બન્યાં હતાં.

૧.તીતલી ઉડી, ઉડ જો ચલી. સૂરજ
૨.દેખો મેરા દિલ મચલ ગયા. સૂરજ
૩. દુનિયા કી સૈર કરવો. એરાઉન્ડ ધ વર્લ્ડ
૪. ચલે જાના જરા ઠહેરો. એરાઉન્ડ ધ વર્લ્ડ
૫. વો પરી કહાં સે લાઉં. પહેચાન.
૬. બદકમ્મઆ બદકમ્મઆ. શતરંજ
૭. જાને ચમન, શોલા બદન. ગુમનામ
૮.મસ્તી ઔર જવાન હો. દિલ દૌલત દુનિયા
૯. કુચી કુચી રકમમા. બોમ્બે
૧૦. મેં તો ચલી હું વહા. બેઈમાન.

શારદાના અન્ય ગીતો પણ છે, પરંતુ એ બહોળા પ્રમાણમાં પ્રસિદ્ધિ પામ્યા નથી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની વ્હાલાં દવલાની નીતિ એમને પસંદ ન હતી એથી એમણે ધીમે ધીમે હિન્દી ફિલ્મોમાં ગાવાનું લગભગ ઓછું કરી દીધું અને દક્ષિણની ફિલ્મોમાં ધ્યાન કેન્દ્રિત કર્યું. આજે શારદા આપણી વચ્ચે સદેહે હયાત નથી, પરંતુ એમનાં ગીતો થકી એ આપણાં માનસપટ ઉપર સદાય છવાયેલા રહેશે. આપણે સાચા હૃદયથી એમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ.

-યોગેશભાઈ જોશી હાલોલ, જિ.પંચમહાલ.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# સમાન નાગરિક સંહિતા ઉપર ટીકા - ટીપ્પણીનો મારો

કાયદા પંચ દ્વારા સમાન નાગરિક સંહિતા પર સામાજિક અને ધાર્મિક સંગઠનો પાસે મંતવ્ય માંગવાની જાહેરાત કરવાની સાથે જ તેના વિરોધમાં જાતજાતના કુતર્ક કરનારા ફૂટી નીકળ્યા છે, તે સ્વાભાવિક જ હતું. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશનું માનીએ તો સમાન નાગરિક સંહિતા પર કાયદા પંચની પહેલ મોદી સરકારના ધ્રુવીકરણનો એજન્ડા છે. શું તેઓ એમ કહેવા માંગે છે કે બંધારણ નિર્માતાઓએ ધ્રુવીકરણના કોઈ એજન્ડા અંતર્ગત જ અનુચ્છેદ-૪૪ માં એમ લખ્યું હતું કે દેશના તમામ નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા લાગુ કરવી સરકારનું દાયિત્વ છે? કોંગ્રેસે આ પ્રશ્ન પર વિચાર કરવાની સાથે જ એના પર શરમ અનુભવવી જોઈએ કે સ્વતંત્રતા બાદ સૌથી લાંબા સમય સુધી શાસન કર્યા છતાં પણ તે સમાન નાગરિક સંહિતા મામલે બંધારણ નિર્માતાઓની ઈચ્છાનું પાલન નથી કરી શકી. એ માનવાનાં ઘણાં કારણો છે કે તેણે એવું જાણીજોઈને જ કર્યું છે, કારણ કે તેણે કેટલાય વિરોધ બાદ પણ હિંદુઓના અંગત કાયદાને સંહિતાબદ્ઘ કરી દીધા હતા. કાયદેસર ત્યારે જ અન્ય સમુદાયોના પણ અંગત કાનૂન સંહિતાબદ્ઘ કરીને સમાન નાગરિક સંહિતાની દિશામાં પગલાં ભરી દેવાં જોઈતાં હતાં. કોંગ્રેસે એવું ન કરીને દેશના નાગરિકોમાં ભેદ પેદા કરવાની સાથે જ તેમણે અલગ-અલગ ખાંચામાં વહેંચવાનું કામ કર્યું. એવું કરીને તેણે રાષ્ટ્રીય એકત્વની ભાવનાને કમજોર કરી અને વિભિન્ન સમુદાયો વચ્ચે એ જરૂરી સંદેશ ન ગયો કે બંધારણની નજરમાં તેઓ બધા જ એકસરખા છે. એ ખેદની વાત છે કે સમાન નાગરિક સંહિતાના પ્રશ્ન પર કોંગ્રેસ પોતાના મૂલ્યો અને સિધ્ધાંતો સાથે પોતાના પૂર્વજોની પણ અવગણના કરે છે. ખબર નહીં તે કેમ ભૂલી જાય છે કે ૧૯૨૮માં ભારતના બંધારણનું જે પહેલું માળખું મોતીલાલ નેહરૂની અધ્યક્ષતાવાળી સમિતિએ તૈયાર કર્યું હતું, તેમાં સમાન નાગરિક સંહિતાની તરફદારી કરવામાં આવી હતી? શું એનાથી વિચિત્ર બીજું કશું હોય કે એક સમુદાયના અંગત કાયદાઓને તો સંહિતાબધ્ધ કરી દેવામાં આવે, પરંતુ અન્ય સમુદાયોને તેમના અંગત કાયદાઓના હિસાબે ચાલવા દેવામાં આવે અને તે પણ ત્યારે, જયારે એવા અંગત કાયદા કેટલાય પ્રકારની સમાજિક સમસ્યાઓ પેદા કરવાની સાથે જ મહિલાઓના હિતો પર કુઠારાઘાત કરતા હોય? સમાન નાગરિક સંહિતાને લઈને હંમેશાં એ પણ તર્ક કરવામાં આવે છે કે આ સામાજિક વિવિધતાની વિરોધી છે. શું સમાન નાગરિક સંહિતા અપનાવનારા અન્ય દેશો અને વિશેષ રૂપે અમેરિકામાં સામાજિક વિવિધતા નથી? ત્યાં લગભગ દુનિયાના દરેક દેશોના નાગરિકો રહે છે, એટલું જ નહીં, પરંતુ ત્યાં વસવા માટે તલપાપડ પણ રહે છે. આપણા દેશમાં પણ ગોવામાં સમાન નાગરિક સંહિતા સ્વતંત્રતાના પહેલેથી જ લાગુ છે. વિરોધ પક્ષોના નેતા સમાન નાગરિક સંહિતાને લઈને ગમે તે કહે, આ એ વિચાર છે, જેના અમલનો સમય હવે પાકી ગયો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અભિમાનીને હંમેશા પોતાની પ્રશંસા થાય તે ગમેછે.

- શ્રી રામશર્મા આચાર્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ સુદ-૨ રથયાત્રા તા.૨૦ જૂન ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૧, પુનર્વસુ નક્ષત્ર, ધ્રુવ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૮ આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (કછ઼ ઘ), સાંજે ૪:૦૦ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ધીરજની કસોટી થાય. પરેશાની-તકલીફમાં વધારો થાય.
વૃષભ: મનમાં વ્યર્થ દુઃખ અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.
મિથુન: શાંતિ અને ધીરજથી દિવસ પસાર કરવો. અપયશના ભાગીદાર બનવું પડે.
કર્ક: મનમાં અશાંતિ રહે. ગૃહસ્થ જીવનમાં ચકમક ઝરે.
સિંહ: મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.
કન્યા: ખોટો ખર્ચ કરવો પડે. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.
તુલા: લાભની તક સાંપડે. કાયમાં સફળતા અને પ્રગતિજનક દિવસ વિતે.
વૃશ્ચિક: પ્રિયજનથી મિલન, વ્યાપાર-વાણિજયને લગતા કાર્યમાં સફળતા મળે.
ધન: કાર્યબોજ વિશેષ રહે. મનની મુરાદ બર ન આવે.
મકર: ધીરજ રાખવી હિતાવહ, નાણાંકીય લાભ થાય.
કુંભ: યાત્રા-પ્રવાસમાં લાભ થાય. મહેનતનું ફળ મેળવી શકશો.
મીન: મિલન-મુલાકાતમાં સફળતા, પુરૂષાર્થનું ફળ મળે.

### ભારતમાં હવે હલકી ગુણવત્તાના જૂતા ચપ્પલ બનશે નહીં

# પહેલી જુલાઈથી ફૂટવેર ઉત્પાદન માટે ક્યુસીઓનું પાલન અનિવાર્ય



નવી દિલ્હી, તા.૨૦ ભારતમાં હવે હલકી ગુણવત્તાના જૂતા ચપ્પલ બનશે નહીં. સરકારે આ માટે ફૂટવેર કંપનીઓ માટે ધોરણો રજૂ કર્યા છે, જેના આધારે જૂતાનું નિર્માણ કરવામાં આવશે. જોકે ભારતીય ફૂટવેર ઉદ્યોગ સરકારના આ નિયમોમાં કેટલીક છુટ ઈચ્છી રહ્યા હતા. પરંતુ ઉદ્યોગની વિનંતીને નકારતા સરકારે ૧ જુલાઈથી ફૂટવેર ઉત્પાદનો માટે ગુણવત્તા નિયંત્રણ આદેશો (ક્યુસીઓ)નું પાલન કરવુ અનિવાર્ય કરી દીધુ છે.ફૂટવેર ઉદ્યોગ આ આદેશનું પાલન ટાળવા માટે ઘણા દિવસોથી સરકારના સંપર્કમાં હતો અને સમયમર્યાદાને ટાળવાની વિનંતી કરી રહ્યો હતો. પરંતુ સરકારે બુધવારે આ આદેશમાં કોઈ પરિવર્તન કરવાથી ઈનકાર કરી દીધો છે. ફૂટવેર ઉદ્યોગ અને છૂટક વેપારી આ આદેશને એક વર્ષ માટે લંબાવાની વિનંતી કરી રહ્યા હતા. ચામડુ અને ફૂટવેર ક્ષેત્રે સરકારે ૨૭ ઓક્ટોબર ૨૦૨૦એ ૩ અનિવાર્ય ક્યૂસીઓ જાહેર કર્યા હતા, જેમાંથી એક આદેશ જાન્યુઆરી ૨૦૨૨થી લાગુ થઈ ચૂક્યો છે અને બાકી આદેશ ૧ જુલાઈથી લાગુ થઈ જશે. ગુણવત્તાયુક્ત ઉત્પાદનોના આ દાયરામાં ઉદ્યોગના સૂક્ષ્મ, એમએસએમઈ સેગમેન્ટ પણ આવી ગયા ગુણવત્તાયુક્ત ઉત્પાદનોના આ દાયરામાં ઉદ્યોગના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) સેગમેન્ટ પણ આવી ગયા છે. જોકે ઉદ્યોગના લઘુ એકમો (વાર્ષિક ૫૦ કરોડથી ઓછુ અને ૧૦ કરોડ રૂપિયાના રોકાણ) ને આ આદેશના પાલન માટે ૬ મહિનાનો સમય આપવામાં આવ્યો છે. આ રીતે લઘુ એકમો પર આ આદેશ એક જાન્યુઆરી ૨૦૨૪થી લાગુ થશે. સૂક્ષ્મ એકમો (વાર્ષિક વેપાર પાંચ કરોડ રૂપિયાથી ઓછો) માટે આ આદેશ એક જુલાઈ ૨૦૨૪થી પ્રભાવી થશે. અગાઉ ફૂટવેર ઉદ્યોગમાં એમએસએમઈસેગમેન્ટને આ આદેશોથી અલગ રાખવામાં આવ્યુ હતુ.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આ નિર્ણયની જાહેરાત કરતા કહ્યુ કે આ આદેશોથી ગુણવત્તાપૂર્ણ ફૂટવેરનું ઉત્પાદન વધારવા, નિકાસ અને વૈશ્વિક બજારોમાં ભારતીય બ્રાન્ડ્સને સ્થાપિત કરવામાં મદદ મળશે. ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓની સાથે બેઠક બાદ પીયૂષ ગોયલે કહ્યુ, અમે નિર્ણય લીધો છે કે ગુણવત્તા નિયંત્રણ આદેશ ૧ જુલાઈથી લાગુ થશે. આદેશમાં કોઈ પરિવર્તન ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તારીખ લંબાવાશે નહીં અને તમામે આ અંગે સંમત થવુ પડશે.

# પ્રયાગરાજમાં યોજાનારા કુંભ મેળા માટે રેલવે ૮૦૦થી વધુ ટ્રેન દોડાવશે

## કુંભ મેળામાં ૧૫ કરોડ થી વધુ લોકો આવે તેવી શક્યતા



નવીદિલ્હી,તા.૨૦ રેલવેએ જાન્યુઆરી ૨૦૨૫માં પ્રયાગરાજમાં યોજાનારા કુંભ મેળાની તૈયારીમાં લાગી ગયું છે. શ્રદ્ધાળુઓ કુંભ મેળામાં પહોચી શકે તે માટે ૮૦૦થી વધુ વિશેષ ટ્રેન ચલાવવાનો પ્રસ્તાવ છે. વિશેષ ટ્રેન અને અન્ય યાત્રી સુવિધાઓની વ્યવસ્થા કરવા માટે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે ઉત્તર રેલવેના મુખ્ય મથક બરોડા હાઉસ ખાતેથી અધિકારીઓ સાથે બેઠક કરી હતી. રેલવે મંત્રીએ કહ્યું કે, જાન્યુઆરી ૨૦૨૫ના ૬ મુખ્ય દિવસ માટે ૮૦૦ થી વધુ મેળા વિશેષ ટ્રેનો ચલાવવામાં આવશે. કુંભ ૨૦૨૫માં ૧૫ કરોડથી વધુ યાત્રિકો આવવાની આશા છે. ROB/ RUB અને NR, NCR અને NER દ્વારા કરવામાં આવનાર મુસાફરોની સુવિધાઓ સહિત વિવિધ કામો માટે રૂ. ૮૩૭ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. યાત્રાળુઓના ટ્રાફિકની સમસ્યાને પહોંચી વળવા માટે NCR, NER અને દ્રઈના કુલ નવ સ્ટેશનોનું આયોજન કરવામાં આવ્યું છે. રેલવે મંત્રીએ કંટ્રોલ ઓફિસનું પણ નિરીક્ષણ કર્યું અને કંટ્રોલ ઓફિસના અધિકારીઓ અને રેલવે કર્મચારીઓ સાથે વાતચીત કરી હતી. તેમણે અધિકારીઓ અને કર્મચારીઓને ટ્રેનની અવરજવરની સરક્ષા માટે પણ નિર્દેશ આપ્યા છે અને કહ્યું કે તેની સાથે બાંધછોડ ન કરવી જોઈએ, સાફ સફાઈ અને અન્ય સમસ્યાઓને યોગ્ય કરવા માટે પણ નિર્દેશ આપ્યા છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, કુંભની તૈયારીઓને લઈ તમામ કામ સમય પર પુરા થવા જોઈએ, રેલવે અત્યારે ઉનાળા માટેની સ્પેશિયલ ટ્રેન ચલાવી રહ્યું છે. આ સિવાય સમય સમય પર સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન કરે છે. જેનાથી લોકોને આવવા જવા માટે અસુવિધાઓને સામનો કરવો પડે નહિ. ત્રણેય ઝોનલ રેલવે રેલ ઓવર બ્રિજ અને રેલ અન્ડર બ્રિજના નિર્માણ માટે અને સ્ટેશનો પર મુસાફરોની સુવિધા વધારવા માટે ૮૩૭ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. આગામી ડિસેમ્બર સુધીમાં તમામ સંબંધિત કામગીરી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે.

# "કોંગ્રેસમાં જોડાવાને બદલે કૂવામાં કૂદી જઈશ" : નીતિન ગડકરી



નાગપુર,તા.૨૦ કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા નીતિન ગડકરીએ કહ્યું છે કે એક નેતાએ તેમને એકવાર કોંગ્રેસમાં જોડાવાની સલાહ આપી હતી, જેના જવાબમાં તેમણે કહ્યું હતું કે હું તે પાર્ટીમાં સભ્ય બનવાની જગ્યાએ કૂવામાં કૂદી પડશે માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રીએ દાવો કર્યો હતો કે, કોંગ્રેસ શાસનના ૬૦ વર્ષના કાર્યકાળની સરખામણીમાં ભાજપ સરકારે છેલ્લા નવ વર્ષમાં દેશમાં બમણું કામ કર્યું છે. મહારાષ્ટ્રના ભંડારામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારના નવ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે એક સભાને સંબોધતા ગડકરીએ ભાજપમાં તેમના શરૂઆતના દિવસોને યાદ કર્યા અને પાર્ટીની અત્યાર સુધીની સફર વિશે વાત કરી. તેમણે કોંગ્રેસના દિવંગત નેતા શ્રીકાંત જિચકરે આપેલી સલાહને પણ યાદ કરી. ગડકરીએ કહ્યું, "જિચકરે મને એક વખત કહ્યું હતું – 'તમે પાર્ટીના ખૂબ સારા કાર્યકર અને નેતા છો. જો તમે કોંગ્રેસમાં જોડાશો તો તમારું ભવિષ્ય ખૂબ ઉજ્જવળ હશે', પરંતુ મેં તેમને કહ્યું કે હું કોંગ્રેસમાં જોડાવાને બદલે કૂવામાં કૂદી પડીશ, કારણ કે મને ભાજપ અને તેની વિચારધારામાં અતૂટ વિશ્વાસ છે અને હું તેના માટે કામ કરતો રહીશ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) માટે કામ કરતી વખતે નાની ઉંમરે તેમનામાં મૂલ્યો કેળવવા બદલ ગડકરીએ સંઘની પણ પ્રશંસા કરી હતી. મંત્રીએ કોંગ્રેસ વિશે કહ્યું કે, પાર્ટીની રચના થઈ ત્યારથી તે ઘણી વખત વિભાજિત થઈ છે. તેમણે કહ્યું, "આપણે આપણા દેશના લોકતંત્રના ઈતિહાસને ભૂલવો ન જોઈએ. આપણે ભવિષ્ય માટે ભૂતકાળમાંથી શીખવું જોઈએ. તેના ૬૦ વર્ષના શાસન દરમિયાન કોંગ્રેસે 'ગરીબી હટાઓ'નો નારો આપ્યો, પરંતુ પોતાના અંગત ફાયદા માટે ઘણી શૈક્ષણિક સંસ્થાઓ ખોલી. ગડકરીએ ભારતને આર્થિક મહાસત્તા બનાવવાના તેમના વિઝન માટે વડાપ્રધાન મોદીની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે દેશનું ભવિષ્ય ઘણું ઉજ્જવળ છે. ગડકરીએ કહ્યું કે, "ભાજપ સરકારે છેલ્લા નવ વર્ષમાં બમણું કામ કર્યું છે જે કોંગ્રેસ તેના ૬૦ વર્ષના શાસન દરમિયાન કરી શકી નથી." કેન્દ્રીય મંત્રીએ યાદ કર્યું કે થોડા દિવસો પહેલા જ્યારે તેઓ ઉત્તર પ્રદેશમાં હતા, ત્યારે તેમણે લોકોને કહ્યું હતું કે ૨૦૨૪ના અંત સુધીમાં ઉત્તર પ્રદેશના રસ્તા અમેરિકા જેવા થઈ જશે.

### એક એવું રહસ્યમય તળાવ


# તળાવનું પાણી પીધાં બાદ કોઈ નથી રહી શકતું જીવિત



નવી દિલ્હી, તા.૨૦ દુનિયામાં એવા અનેક રહસ્યમય સ્થળો છે, જેના રહસ્યોના ભેદને આજદિન સુધી નથી ઉકેલી શકાયા. કંઈક એવું જ ખતરનાક તળાવ છે. જેનું પાણી પીધાં બાદ કોઈ જીવિત નથી બચતું. એવી માન્યતા છે કે આ તળાવના પાણી પીધા બાદ થોડા સમયમાં જ વ્યક્તિનું મૃત્યુ થઈ જાય છે. આ તળાવ ક્યાં આવેલી છે અને શું છે તેનું નામ જાણીએ. આ રહસ્યમય તળાવ દક્ષિણ આફ્રિકાના લિંપોપો પ્રદેશમાં છે. જે ફુન્દીજી તળાવના નામે પ્રચલિત છે, એવી માન્યતા છે કે, આ તળાવનું પાણી પીધા બાદ કોઈ જીવિત નથી બચતું તેમનું તરત જ મોત થઈ જાય છે. આ રહસ્ય પાછળ એક લોકવાયકા પણ જોડાયેલી છે. સ્થાનિક લોકોનું માનવું છે કે, પ્રાચીન સમયમાં અહીંથી એક કોઢના રોગગ્રસ્ત મહિલા પસાર થઈ હતી. આ મહિલાએ અહીં રહેવા માટે આશ્રય માગ્યો હતો પરંતુ અહીંના લોકોએ તેને આશ્રય ન આપ્યો અને ભોજન પણ ન આપ્યું જેથી તે આ તળાવમાં સમાઈ ગઈ અને શ્રાપ આપતી ગઈ. એક માન્યતા એવી પણ છે કે., આ તળાવમાં સવાર સવારમાં ડ્રમનો અવાજ આવે છે. જાનવરો અને લોકોની ચીસો સંભળાય છે. તો એક માન્યતા એવી પણ છે કે અહીં આ ઝીલની રક્ષા તળાવમાં રહેતો એક અજગર કરે છે. તેને ખુશ કરવા દર વર્ષે આદિવાસીની કુંવારી યુવતીઓ અહીં નૃત્ય કરે છે. આ તળાવાનું નિર્માણ ભુસ્ખલનના કારણે મુટાલી નદીનો પ્રવાહ રોકાઈ જવાથી થયું હતું. હજું એ રહસ્ય અંકબંધ છે કે., આ તળાવનું પાણી એકદમ સ્વચ્છ છે તો પછી તેને પીવાથી મૃત્યુ કેમ થઈ શકે. આપને જણાવી દઈએ કે આ તળાવનું રહસ્ય જાણવા માટે અનેક વખત કોશિશ થઈ પરંતુ દર વખતે સંશોધકોના હાથ નિષ્ફળતા જ લાગી. કહેવાય છે કે વર્ષ ૧૯૪૬માં આ તળાવાના પાણીની સચ્ચાઈ જાણવા માટે એક એન્ડી લેવિન નામનો એક શખ્સ આવ્યો હતો. તેને કેટલાક છોડ લીધા અને પાણીનો નમૂનો લીધો પરંતુ તે અચાનક રસ્તો જ ભૂલી ગયો. તેમની સાથે આવું એક વખત નહીં અનેક વખત થયું. એન્ડી લેવિને જયારે હાથમાંથી છોડ અને પાણી છોડી દીધું ત્યારબાદ તેને રસ્તો મળ્યો. જો કે થોડા દિવસ બાદ તેમનું પણ મોત થઈ ગયું. તો આખરે આ તળાવનું પાણી આજે પણ લોકો માટે રહસ્ય જ છે. કેટલાક લોકો તળાવના પાણીથી થતાં મોતનું કારણ ગેસ ઉત્સર્જન બતાવે છે જો કે તેમનો પણ કોઈ નક્કર પુરાવો હજુ સુધી નથી મળ્યો.

# સુરત ખાતે યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી

## ૧.૨૫ લાખથી વધુ લોકો યોગ કરીને ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવશે



સુરત,તા. ૨૦ આગામી ૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજયકક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને સુરત ખાતે કરાશે. સુરત વહીવટી તંત્ર અને પોલીસે રાજ્યકક્ષાની ઉજવણીને લઈ તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આગામી ૨૧ જૂને નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ડુમ્મસ રોડ ખાતે ઉજવણી કરવામાં આવશે. આ વખતે ૧.૨૫ લાખથી વધુ લોકો એક સાથે યોગ કરી ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવશે. આગામી ૨૧મી જુને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સંદર્ભે અગ્ર સચિવ અશ્વિનીકુમારે પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું કે આ વર્ષે નવમા યોગ દિવસને સમગ્ર વિશ્વમાં 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ'ના નારા સાથે 'વસુદેવ કુટુંબકમ માટે યોગ અને હર ઘરના આંગણે યોગ'ની થીમ પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે. રાજ્ય સરકાર દ્વારા પણ રાજ્યભરમાં યોગ દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજયકક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને સુરત ખાતે થશે. જેમાં શહેરીજનોને મોટી સંખ્યામાં જોડાવા અનુરોધ કરાયો છે. ૨૧ જૂને સવારે ૬ થી ૮ વાગ્યા દરમિયાન ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી સહિત અંદાજે ૧.૨૫ લાખથી વધુ લોકો એક સાથે યોગ કરીને ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરશે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંગેનો ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ જયપુરનો છે. જેમાં ૧.૦૯ લાખ લોકોએ એક સાથે યોગ કરીને વર્લ્ડ રેકોર્ડ કર્યો હતો, ત્યારે હવે સુરત ખાતે ૧.૨૫ લાખથી વધુ લોકો યોગ કરીને આ નવો વર્લ્ડ રેકોર્ડ બનાવશે. આ અંગે સુરત શહેર પોલીસ કમિશનર અજયકુમાર તોમરે જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિની દેન સમા યોગ દિવસની આંતરરાષ્ટ્રીય ઉજવણી સમગ્ર વિશ્વ કરી રહ્યું છે ત્યારે સુરત ખાતે ૧.૨૫ લાખથી વધુ નાગરિકો યોગ દિવસમાં જોડાશે. મગદલ્લા વાય જંકશનથી પાર્લે પોઈન્ટ સુધી અને વાય જંકશનથી બ્રેડલાઈન સર્કલથી ગાંધીકુટિર સુધી ૧૨ કિમીના રસ્તા પર લોકો યોગ કરશે. જેમાં ૧૨૫ જેટલા બ્લોક બનાવવામાં આવ્યા છે. દરેક બ્લોકમાં ૧૦૦૦ લોકો યોગ કરી શકે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. સ્ટેજ પરથી યોગ ટ્રેનર નિદર્શન કરશે. લોકોને અગવડ ન પડે તે માટે નજીક પાર્કિંગ સહિતની તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે લોકોને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા અપીલ કરી હતી. જેના પગલે અત્યાર સુધીમાં ૨૬ હજારથી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરાવી લીધું છે. આ કાર્યક્રમમાં શાળા-કોલેજો, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ઔદ્યોગિક એસોસિએશનો, પતંજલિ, બ્રહ્માકુમારી, આર્ટ ઓફ લિવિંગ, ડોકટર એસોસિએશનો, ગાયત્રી પરિવાર તથા અન્ય શહેરીજનો મોટી સંખ્યામાં જોડાશે.

# કેનેડામાં તાજેતરમાં દેશનિકાલની ધમકી પછી પંજાબમાંથી ગેરકાયદેસર ઈમિગ્રેશન ઉપર સતત નજર રાખવાની જરૂર છે

નવી દિલ્હી તા.૨૦

કેનેડાએ તાજેતરમાં નકલી કોલેજ એડમિશન ઓફર લેટર્સનો ઉપયોગ કરીને દેશમાં પ્રવેશવાને કારણે દેશનિકાલનો સામનો કરી રહેલા ભારતીયોના કેસોની ચકાસણી માટે ટાસ્ક ફોર્સની સ્થાપના કર્યા પછી પંજાબમાંથી ગેરકાયદેસર ઈમિગ્રેશન ફરી ચર્ચામાં આવ્યું છે. અસરગ્રસ્ત લોકોમાંના મોટાભાગના પંજાબના છે. માર્ચમાં કેનેડિયન સત્તાવાળાઓએ આ નકલી પત્રોના આધારે ૨૦૧૭ અને ૨૦૧૮માં વિદ્યાર્થી વિઝા પર કેનેડામાં પ્રવેશેલા સંખ્યાબંધ ભારતીયોને બહાર કાઢવાની માંગ કરી હતી, તે સ્પષ્ટ નથી કે કેટલા ભારતીય નાગરિકો અસરગ્રસ્ત થયા છે, પરંતુ તેમાંથી ઘણાએ હવે તેમનો અભ્યાસ પૂર્ણ કર્યો છે અને કેનેડામાં કાયમી નિવાસ માટે અરજી કરવાની પ્રક્રિયા કરી રહ્યા હતા ત્યારે તેમના નકલી પ્રવેશ પત્રો મળી આવ્યા હતા. જાલંધરના મિંવાલ અરિયન ગામના જગતાર ચંદે જલંધર સ્થિત ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ બ્રિજેશ મિશ્રા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમની ૩૨ વર્ષની પુત્રી ડિમ્પલ કુમારીને છેતરવા માટે તેને જવાબદાર ગણાવ્યા છે. ૨૦૧૭માં તેણી કોમ્પ્યુટર સાયન્સમાં ત્રણ વર્ષનો પ્રોગ્રામ શરૂ કરવા વિદ્યાર્થી વિઝા ઉપર કેનેડાના શહેર બ્રામ્પ્ટનમાં આવી હતી. ડિમ્પલ કેનેડા પહોંચ્યા પછી એજન્ટે અમને જાણ કરી કે જે કોલેજમાં મારી દીકરીનું એડમિશન થવાનું હતું ત્યાં થોડી સમસ્યા ચાલી રહી છે. તેણે અમને કહ્યું કે, તે કોલેજમાં હડતાળ ચાલી રહી છે અને તેણે મારી દીકરીના અન્ય કોલેજમાં એડમિશનની વ્યવસ્થા કરી છે, અમને ખાતરી આપીને કે ભવિષ્યમાં કોઈ સમસ્યા નહીં થાય. પરંતુ હવે જ્યારે મારી પુત્રીએ તેનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી કાયમી નિવાસ (PR) માટે અરજી કરી, ત્યારે કેનેડિયન સત્તાવાળાઓએ વાંધો ઉઠાવતા કહ્યું કે, જ્યારે ડિમ્પલનો વિઝા સરકારી કોલેજમાં પ્રવેશ ઉપર આધારિત હતો, તેના બદલે તેણે તેનો અભ્યાસ ખાનગી કોલેજમાં પૂર્ણ કર્યો છે. શ્રી ચાંદે કહ્યું કે, અમે એજન્ટને એડમિશન ફી સહિત આશરે રૂા.૧૧ લાખ ચૂકવ્યા હતા અને તેણે અમારી સાથે છેતરપિંડી કરી હતી અને હવે મારી પુત્રી તેના પરિણામ ભોગવી રહી છે. મેં પોલીસમાં ફરિયાદ નોંધાવી છે અને આશા છે કે, અમને ન્યાય મળશે. હું પંજાબ અને ભારત સરકારને વિનંતી કરૂં છું કે, તેઓ દેશનિકાલનો સામનો કરી રહેલા આવા તમામ વિદ્યાર્થીઓની કાળજી રાખે અને તેમને PR આપીને કાયમી ઉકેલ શોધે. પંજાબમાંથી મોટી સંખ્યામાં લોકો, ખાસ કરીને યુવાનો, સારા જીવનની આશામાં વિદેશ પ્રવાસ કરે છે. જેમ- જેમ સ્થળાંતર વધે છે તેમ-તેમ ગેરકાયદે અને અનિયમિત સ્થળાંતર પણ નોંધપાત્ર રીતે વધ્યું છે. પબ્લિક ડોમેનમાં આવા અનિયમિત સ્થળાંતર કરનારાઓ પર બહુ ઓછા પ્રમાણિક ડેટા છે, જો કે, અભ્યાસો કહે છે કે, પંજાબના સ્થળાંતર કરનારાઓની સંખ્યા નોંધપાત્ર છે.

દર વર્ષે પંજાબમાંથી ૨૦,૦૦૦થી વધુ યુવાનો સ્થળાંતરનો પ્રયાસ કરે છે. ગેરકાયદેસર સ્થળાંતરના કિસ્સાઓ ઘણીવાર પ્રકાશમાં આવે છે. તેઓ સંભવિત સ્થળાંતર છેતરપિંડીઓનો શિકાર બને છે અને અનૈતિક એજન્ટો દ્વારા તેમની સાથે છેતરપિંડી કરવામાં આવે છે અથવા તેઓ વિદેશમાં પકડાય જાય છે. વર્તમાન કિસ્સામાં સંખ્યાબંધ સ્થળાંતર કરનારાઓએ તેમની દુર્દશા માટે શ્રી મિશ્રાને જવાબદાર ઠેરવ્યા છે. જોકે, પોલીસે તેની સામે કેસ દાખલ કર્યો છે અને જાલંધર સ્થિત આ ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ હજુ પણ ફરાર છે. જલંધર પોલીસ કમિશનર કુલદીપસિંહ ચહલે કહ્યું કે, ફરિયાદોના આધારે પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ હેઠળ કેસ નોંધ્યો છે. આ કેસની તપાસ ચાલી રહી છે અને મિશ્રા વિરુદ્ધ લૂકઆઉટ નોટિસ જારી કરવામાં આવી છે. અન્ય એજન્ટો સામે પણ ફરિયાદ મળશે તો તેમની વિરુદ્ધ કેસ નોંધવામાં આવશે. છેલ્લા એક દાયકામાં જારી કરાયેલા પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ્સ (પીસીસી) પંજાબમાંથી સ્થળાંતર કરનારા લોકોની સંખ્યામાં સતત વધારો દર્શાવે છે. PCC પાસપોર્ટ ધારકોને જારી કરવામાં આવે છે. ડેટા દર્શાવે છે કે, ૨૦૧૨થી પંજાબના વિવિધ જિલ્લાઓમાં દસ લાખથી વધુ પીસીસી જારી કરવામાં આવ્યા છે. ૨૦૨૨માં પંજાબે ૧૮૨,૦૫૪ PCC જારી કર્યા હતા અને ૨૦૨૩ના પ્રથમ છ મહિનામાં ૧૨૧, ૫૯૩ PCC જારી કરવામાં આવ્યા છે. ગ્રામીણ અને ઔદ્યોગિક વિકાસમાં સંશોધન કેન્દ્રના ભૂતપૂર્વ વડા ક્રિશન ચંદે કહ્યું કે, સ્થળાંતર એ કુદરતી ઘટના છે અને તેની તીવ્રતા નોંધપાત્ર છે અને આ PCC આંકડા દર્શાવે છે કે, સ્થળાંતર નોંધપાત્ર છે. રાજયની એજન્સીઓ દ્વારા સ્થળાંતર કરનારાઓ અથવા ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓ ઉપર ભાગ્યે જ કોઈ ઔપચારિક ડેટા એકત્રિત કરવામાં આવ્યો છે. પંજાબમાં કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્ર વધતા જતાં યાંત્રિકીકરણ વચ્ચે જોખમમાં છે અને તેના કારણે રોજગારીની તકોમાં ઘટાડો થયો છે. પંજાબમાં ખાસ કરીને ધો.૧૨ પાસ કર્યા પછી વિદેશ જવાનો ટ્રેન્ડ ખૂબ જ પ્રચલિત છે. વિદેશી ભૂમિનું આકર્ષણ, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને વધુ સારી રોજગારીની તકો માટે લોકો બહાર જાય છે. વિદેશ જવાની લાલચ રાખતા યુવાનો, વચેટિયા-એજન્ટોના નેટવર્કનો ભોગ બને છે, જેઓ તેમને વિદેશ મોકલવા માટે તગડી રકમ વસૂલે છે.

હરિયાણા ઓવરસીઝ પ્લેસમેન્ટ આસિસ્ટન્સ બ્યુરોના એક નિવૃત્ત વરિષ્ઠ અધિકારી કહે છે કે, આ સમસ્યાના મૂળ ઊંડા છે. એજન્ટો દસ્તાવેજો અને પત્રો સાથે છેડછાડ કરે છે તેવા કિસ્સાઓ પણ છે. પરંતુ તે એક મોટો મુદ્દો છે, કારણ કે, આવી મોટાભાગની ક્રિયાઓ એકલતામાં કરી શકાતી નથી. જો છેતરપિંડીના કિસ્સાઓ રોકવા હોય તો સરકારી કચેરીઓના વિવિધ સ્તરે ચેકિંગ વધારવાની જરૂર છે. પંજાબ સરકાર આવા કિસ્સાઓથી વાકેફ છે અને રાજયભરમાં ટ્રાવેલ અને ઈમિગ્રેશન એજન્ટોના દસ્તાવેજોની ચકાસણી કરવા માટે એક નવી ઝુંબેશ શરૂ કરી છે, જે ૩૦ જૂન સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે. અધિક પોલીસ મહાનિર્દેશક (એનઆરઆઈ અફેર્સ) પ્રવીણ સિંહાએ જણાવ્યું હતું કે, અમે આ સમસ્યાનો સામનો કરવા માટે જરૂરી પગલાં લઈ રહ્યા છીએ. જયારે પણ ગેરકાયદેસર સ્થળાંતર સંબંધિત કિસ્સાઓ અમારા ધ્યાન ઉપર આવે છે ત્યારે અમે તાત્કાલિક પગલાં લઈએ છીએ. પોલીસ સક્રિય છે અને અમે નિવારક પગલાં પણ લઈ રહ્યા છીએ. તમામ જિલ્લાઓમાં મુખ્યમંત્રીના નોડલ અધિકારીઓ છે, જેમને જાગૃતિ લાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, પંજાબ એકમાત્ર એવું રાજ્ય છે કે, જ્યાં ટ્રાવેલ એજન્ટ્સનું નિયમન સુનિશ્ચિત કરવા માટે તેમની ગેરકાયદેસર અને છેતરપિંડી પ્રવૃત્તિઓ ઉપર અંકુશ લગાવવા માટે ધ પંજાબ ટ્રાવેલ પ્રોફેશનલ્સ રેગ્યુલેશન એક્ટ કાયદો છે. જાગૃતિ માટે અમે લોકોને કહીએ છીએ કે તેઓ નોંધણી વગરના એજન્ટો પાસે ન જાય; કોલેજ અથવા સંસ્થાના ઓળખપત્રો ચકાસવા માટે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ અને જો કોઈ નોકરી શોધી રહ્યો હોય, તો તેઓએ રજિસ્ટર્ડ ઈમિગ્રેશન એજન્ટો પાસે જવું જોઈએ.

(સૌ. :- ધ હિન્દુ.કોમ)





# RBIમાં લઈ જવાતી ૫૦૦ની ૮૮ હજાર કરોડની નોટો ગાયબ થઈ : RTIમાં ખુલાસો

(એજન્સી) તા.૨૦

દુનિયાની સૌથી મોટી હાઈવે રોબરી થયાનો મામલો સામે આવ્યો છે. રોબરી પણ કોઈ નાની-મોટી નહીં પણ ૮૮ હજાર કરોડ રૂપિયાની ! એક આરટીઆઈમાં માહિતી મળી કે સરકારે ૫૦૦ રૂપિયાની આશરે ૮૮૧૦.૬૫ મિલિયન નોટો છાપી હતી પણ RBI સુધી ફક્ત ૭૨૬૦ મિલિયન નોટો જ પહોંચી. એટલે કે લગભગ ૧૫૫૦ મિલિયન ૫૦૦ રૂપિયાની નોટો RBI સુધી પહોંચી જ નહીં. જ્યારે એપ્રિલ ૨૦૧૫થી માર્ચ ૨૦૧૬ વચ્ચે નાસિકમાં આવેલી કરન્સી નોટ પ્રેસ તરફથી ૫૦૦ રૂપિયાની ૨૧૦ મિલિયન નોટો છાપવામાં આવી હતી. જે RBI પાસે પહોંચી જ નથી. તો આ બધી લગભગ ૧૭૬૦ મિલિયન એટલે કે ૫૦૦ની ૧૭૬ કરોડ નોટો રસ્તામાંથી જ ગુમ થઈ ગઈ હતી ? જો આ નોટોની વેલ્યૂ કાઢવામાં આવે તો તે લગભગ ૮૮ હજાર કરોડ રૂપિયા થાય છે. અહેવાલો અનુસાર એક આરટીઆઈ કાર્યકર મનોરંજન રાયને મળેલી માહિતીના આંકડા જણાવે છે કે નાસિકમાં આવેલી કરન્સી નોટ પ્રેસએ ૨૦૧૫થી ૨૦૧૬ વચ્ચે રૂા.૫૦૦ની આશરે ૩૭૫.૪૫૦ મિલિયન નોટ છાપી હતી પણ આરબીઆઈનો રેકોર્ડ દર્શાવે છે કે તેની પાસે ફક્ત ૩૪૫ મિલિયન નોટો જ પહોંચી હતી. જ્યારે ગત મહિને એક અન્ય આરટીઆઈના જવાબમાં નાસિકમાં આવેલી કરન્સી નોટ પ્રેસએ જણાવ્યું હતું કે એપ્રિલ ૨૦૧૫થી માર્ચ ૨૦૧૬ દરમ્યાન ૫૦૦ની ૨૧૦ મિલિયન નોટો છાપવામાં આવી હતી અને આરબીઆઈને મોકલાઈ હતી. નાસિકની કરન્સી નોટ પ્રેસનો રિપોર્ટ દર્શાવે છે કે, નવી રૂા.૫૦૦ની નોટો સેન્ટ્રલ બેન્કને સપ્લાય કરવામાં આવી હતી, પરંતુ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના વાર્ષિક અહેવાલમાં જાહેર ડોમેનમાં એવું કંઈ નથી કે તેને રૂા.૫૦૦ની નવી નોટો મળી છે. એટલે કે આ ૨૧૦ મિલિયન ૫૦૦ રૂપિયાની નોટો પણ રિઝર્વ બેંકને મળી નથી. આ મામલે આરબીઆઈનો સંપર્ક સાધવામાં આવતા અધિકારીઓ તરફથી કોઈ રિસ્પોન્સ મળ્યો નહોતો. કરન્સી નોટ પ્રેસ દ્વારા એવી પણ માહિતી આપવામાં આવી છે કે ૨૦૧૬-૧૭ દરમ્યાન લગભગ ૧૬૬૨ મિલિયન ૫૦૦ની નોટ સપ્લાય કરવામાં આવી હતી. ભારતીય રિઝર્વ બેંક નોટ મુદ્રણ લિમિટેડ, બેંગલુરુએ ૨૦૧૬-૧૭ દરમ્યાન RBIને ૫૦૦ રૂપિયાની ૫૧૯૫.૬૫ મિલિયન નોટો મોકલી હતી. દરમ્યાન દેવામાં આવેલી બેંક નોટ પ્રેસએ RBIને ૧૯૫૩ મિલિયન બેંક નોટ મોકલી. અહીં એક મોટું મિસમેચ જોવા મળ્યું . આ સમયગાળા દરમ્યાન ત્રણેય પ્રેસમાં ૮૮૧૦.૬૫ મિલિયન ૫૦૦ની નોટો છાપવામાં આવી હતી, પરંતુ ભારતીય રિઝર્વ બેંકને માત્ર ૭૨૬૦ મિલિયન નોટો જ મળી છે. તો શું પ્રિન્ટિંગ પ્રેસથી રિઝર્વ બેંક જતા માર્ગમાં રૂા.૫૦૦ની ૧૫૫૦.૬૫ મિલિયન નોટો ગુમ થઈ ગઈ છે ? આમાં જો ૨૦૧૫-૧૬માં નાસિક કરન્સી પ્રેસ દ્વારા મોકલવામાં આવેલી ૨૧૦ મિલિયન નોટો પણ ઉમેરવામાં આવે તો આંકડો ૧૭૬૦.૬૫ મિલિયન એટલે કે લગભગ ૧૭૬ કરોડ થઈ જાય છે. મનોરંજન રોય કહે છે કે જે ૧૭૬૦.૬૫ મિલિયન નોટો ગુમ છે તે સિક્યોરિટી સામે સવાલો ઊભા કરે છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં ૩ સરકારી મિંટ્સ છે, જ્યાં ચલણી નોટો છાપવામાં આવે છે. પ્રથમ ભારતીય રિઝર્વ બેંક નોટ મુદ્રણ લિમિટેડ છે, જે બેંગ્લુરુમાં છે. બીજી કરન્સી નોટ પ્રેસ છે, જે નાસિકમાં છે અને ત્રીજું બેંક નોટ પ્રેસ છે, જે દેવાસમાં છે. ચલણી નોટો અહીં છાપવામાં આવે છે અને પછી ભારતીય અર્થતંત્રમાં ફરવા માટે ભારતીય રિઝર્વ બેંકના તિજોરીઓમાં મોકલવામાં આવે છે. મહારાષ્ટ્રમાં વિપક્ષના નેતા અજિત પવારે આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકારના નાસિક, દેવાસ અને બેંગલુરુમાં ચલણી પ્રિન્ટિંગ પ્રેસમાંથી છપાયેલી ૫૦૦ રૂપિયાની અબજો નોટો ગુમ થઈ ગઈ છે. ૨૦૧૬માં કરન્સી ફેકટરીમાં નોટો છાપવામાં આવી હતી, પરંતુ તે સરકારની તિજોરીમાં પહોંચી ન હતી, તેમણે એક અખબારના અહેવાલના આધારે આ આરોપ મૂક્યો હતો.

# US ગ્રીન કાર્ડ માટે લાયકાતના ધોરણોમાં મોટી રાહત જાહેર : હજારો ભારતીયોને લાભ થશે




નવી દિલ્હી, તા.૨૦

અમેરિકામાં ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા લોકોની સંખ્યા ખાસ્સી મોટી છે. તેમાં ખાસ કરીને ભારતીયો બહુ મોટી સંખ્યા છે. અમેરિકામાં જો બાઈડેનસરકારે હવે ગ્રીન કાર્ડની એલિજિબિલિટીના ધોરણોમાં મોટી રાહત આપી છે. તેના કારણે હજારો ભારતીયોને ફાયદો થવાની શક્યતા છે. ખાસ કરીને ટેક્નોલોજી સેક્ટરમાં કામ કરતા ભારતીયોને મોટો લાભ થઈ શકે છે. અમેરિકન સરકારે ગ્રીન કાર્ડના લાયકાતના ધોરણોમાં રાહત આપી છે. તેના કારણે ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા લોકો અમેરિકામાં કામ કરી શકશે તથા રોકાણ કરી શકશે. ભારતીય ટેક્નોલોજી પ્રોફેશનલ્સ માટે આ બહુ મહત્ત્વપૂર્ણ નિર્ણય છે. ગ્રીન કાર્ડ હોલ્ડર એ અમેરિકાના કાયમી વસાહતી હોય છે અને તેમને કામયી ધોરણે અમેરિકામાં વસવાટ કરવાની અને કામ કરવાની મંજૂરી મળે છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (USCIS) દ્વારા શરૂઆતના એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટ માટે તથા તેના રિન્યુઅલ માટે ગાઈડન્સ ઈશ્યૂ કરવામાં આવ્યું છે. તેના કારણે ગ્રીન કાર્ડ અથવા પર્મેનન્ટ રેસિડન્સીની રાહ જોઈ રહેલા અને અનિવાર્ય સંજોગોનો ભોગ બનેલા હજારો લોકોને ફાયદો થઈ શકે છે. અમેરિકામાં ગ્રીન કાર્ડને પર્મેનન્ટ રેસિડન્ટ કાર્ડ તરીકે પણ ઓળખવામાં આવે છે. અમેરિકા આવતા જે ઈમિગ્રન્ટ પાસે આ કાર્ડ હોય તેઓ કાયમી વસવાટનો અધિકાર ધરાવે છે. અમેરિકાના ઈમિગ્રેશન કાયદા અનુસાર દર વર્ષે લગભગ ૧.૪૦ લાખ લોકોને રોજગારી આધારિત ગ્રીન કાર્ડ આપવામાં આવે છે. જોકે, કોઈ પણ એક દેશને ગ્રીન કાર્ડ આપવાની લિમિટ નક્કી થયેલી છે. તે મુજબ દર વર્ષે એક જ દેશના લોકોને વધુમાં વધુ ૭ ટકા ગ્રીન કાર્ડ મળી શકે છે. આ માટે કેટલાક લાયકાતના ધોરણો નક્કી કરવામાં આવ્યા છે. લાયકાતના ધોરણો મુજબ અરજી કરનાર પાસે એપ્રૂવ્ડ ફોર્મ I-140 હોવું જોઈએ વેલિડ નોન-ઈમિગ્રન્ટ સ્ટેટસ અને ઓથોરાઈઝ્ડ ગ્રેસ પિરિયડ હોવો જોઈએ. વ્યક્તિએ સ્ટેટસના એડજસ્ટમેન્ટની અરજી કરેલી હોવી ન જોઈએ, તથા બાયોમેટ્રિક્સ અને ક્રિમિનલ બેકગ્રાઉન્ડની જરૂરિયાતનું પાલન કરેલું હોવું જોઈએ. આ ઉપરાંત કોઈ વ્યકિત એમ્પ્લોયમેન્ટ આધારિત ઓથોરાઈઝેશન મેળવવા માટે અનિવાર્ય સંજોગોની લાયકાત ધરાવે છે કે નહીં તે માત્ર USCIS દ્વારા નક્કી કરવામાં આવશે. ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા એન્ડ ઈન્ડિયન ડાયસ્પોરા સ્ટડીઝ દ્વારા છુટા કરાયેલા H1- B વર્કસને અધિકારો આપવા માટે ઘણા સમયથી માંગણી કરાયેલી છે. તેમણે આ નિર્ણયને આવકારતા કહ્યું કે આ પગલાંથી ભારતીય આઈટી પ્રોફેશનલ્સને ફાયદો થશે. છ મહિના કરતા વધુ સમયથી આ માટે અભિયાન ચલાવવામાં આવતું હતું અને હવે તેમાં સફળતા મળી છે. જે લોકોએ ઈમિગ્રન્ટ વિઝાની અરજી કરી હોય પરંતુ તે ઓવરસબસ્ક્રાઈબ્ડ કેટેગરીમાં હોય અથવા ચાર્જેબિલિટી એરિયામાં હોય, તેઓ સ્કૂલ અથવા હાયર એજ્યુકેશન એનરોલમેન્ટ રેકોર્ડ, મોર્ગેજના રેકોર્ડ અથવા લોંગ ટર્મ લીઝ રેકોર્ડ દેખાડીને પોતાના અનિવાર્ય સંજોગો સાબિત કરી શકે છે.

# GTU દ્વારા ૩ જુલાઈથી સ્પર્ધાત્મક પરીક્ષા માટે વર્ગો શરૂ કરાશે

અમદાવાદ, તા.૨૦

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માટે વર્ગોનું આયોજન કરવાનું નક્કી કરાયું છે. આગામી ૩ જૂલાઈથી શરૂ થતાં આ વર્ગો માટે ૨૫ જૂન સુધી વેબસાઈટ ઉપર રજિસ્ટ્રેશન કરાવી શકાશે. સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓ પણ સારો દેખાવ કરે તે હેતુથી જીટીયુ દ્વારા આ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. જીટીયુ દ્વારા વિવિધ વિષયોને સાંકળીને વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય અને રાજય સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓ પણ શ્રેષ્ઠ પદ ઉપર પસંદગી પામે તે હેતુસર સેન્ટર ફોર કરિયર કાઉન્સિલિંગ એન્ડ એડવાન્સમેન્ટ (CCCA) દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માટેના વર્ગોનું આયોજન કરાયું છે. તાજેતરમાં GPSC દ્વારા લેવાયેલી પ્રિલિમ્સ પરીક્ષા આપેલા વિદ્યાર્થીઓ માટે તારીખ ૩થી ૮ જુલાઈ દરમ્યાન ઈન્ટરવ્યુ માટેની ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંદર્ભે જીટીયુના કાર્યકારી કુલપતિ પંકજરાય પટેલે જણાવ્યું હતું કે, સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓ સકારાત્મક પરિણામ મેળવે તે અર્થે જીટીયુ દ્વારા આ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું છે. ૧ સપ્તાહના આ ટ્રેનિંગ વર્ગોમાં જોડવવા માટે ૨૫ જૂન સુધી પ્રિલિમ્સ પરીક્ષા આપેલા વિદ્યાર્થીઓ GTU ITAPની વેબસાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરી શકશે. ટ્રેનિંગ દરમ્યાન અભ્યાસક્રમ આધારીત વિવિધ વિષયના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. ઉપરાંત પરીક્ષા સંબધીત તમામ પ્રકારની સૂચના અને કેવી રીતે સમયમર્યાદામાં પેપર પૂર્ણ કરવા જેવી બાબતોથી અવગત કરાવવામાં આવશે. આગામી સમયમાં સરકારના અન્ય વિભાગોની ભરતી અર્થે પણ જીટીયુ દ્વારા વિવિધ ટ્રેનિંગનું આયોજન સમયાંતરે કરવામાં આવશે.

## વડાપ્રધાને મન કી બાતના ૧૦૨માં એપિસોડને સંબોધિત કર્યું

# મોદીએ બિપરજોય વાવાઝોડાને લડત આપનાર કચ્છવાસીઓની પ્રશંસા કરી

નવી દિલ્હી, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે મન કી બાતના ૧૦૨મા એપિસોડને સંબોધિત કર્યું. મન કી બાતનો આજનો કાર્યક્રમ સમય કરતાં આગળ થઈ રહ્યો છે. આ કાર્યક્રમ દર મહિનાના છેલ્લા રવિવારે થાય છે. પીએમ મોદીએ કહ્યું કે આવી મન કી બાત દર મહિનાના છેલ્લા રવિવારે થાય છે, પરંતુ આવખતે એક અઠવાડિયા પહેલા થઈ રહી છે. પીએમ મોદી આવતા અઠવાડિયે અમેરિકાના પ્રવાસે જતા હોવાથી આ વખતે મન કી બાત એક સપ્તાહ પહેલાં રાખવામાં આવ્યો. મન કી બાતની શરૂઆત કરતા પીએમ મોદીએ બિપોરજોય વાવાઝોડા સામે લડત આપનાર ગુજરાતના કચ્છવાસીઓની પ્રશંસા કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે જયારે હું ભારતના સામાન્ય માણસના પ્રયત્નો, પરિશ્રમ અને ઈચ્છાશક્તિ જોઉં છું ત્યારે હું પોતે અભિભૂત થઈ જાઉં છું. પીએમ મોદીએ કહ્યું કે, ભારતીયો દરેક મુશ્કેલીઓ સામે મક્કમતાથી લડે છે. તે સૌથી મોટો ધ્યેય હોય, સૌથી મુશ્કેલ પડકાર હોય, ભારતના લોકોની સામૂહિક શક્તિ, સામૂહિક શક્તિ, દરેક પડકારને ઉકેલે છે. ચક્રવાત બિપરજોયે કચ્છમાં ઘણો વિનાશ સર્જ્યા હતો, પરંતુ કચ્છના લોકોએ જે હિંમત અને તૈયારી સાથે આવા ખતરનાક ચક્રવાતનો સામનો કર્યો તે પણ એટલું જ અભૂતપૂર્વ છે. પીએમ મોદીએ કહ્યું કે કુદરતી આફતો ઉપર કોઈ ભાર આપતું નથી, પરંતુ આપત્તિ વ્યવસ્થાપનની તાકાત ભારતે વર્ષોથી વિકસાવી છે તે આજે એક ઉદાહરણ બની રહ્યું છે. કુદરતી આફતો સામે લડવા માટે કુદરતનું સંરક્ષણ એ શ્રેષ્ઠ માર્ગ છે. આજકાલ ચોમાસાના સમયમાં આ દિશામાં આપણી જવાબદારી વધુ વધી જાય છે. તેથી જ આજે દેશ ’કેચ ધ રેઈન’ જેવા અભિયાનો દ્વારા સામૂહિક પ્રયાસો કરી રહ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે ભારતે સંકલ્પ કર્યો છે કે ૨૦૨૫ સુધીમાં ટી.બી. મૂક્ત ભારત બનાવવા માટે. લોકભાગીદારી ટી.બી. મુક્ત ભારત અભિયાનની આ સૌથી મોટી તાકાત છે. ભારતમાં ટી.બી અમારા બાળકો અને યુવા મિત્રો પણ તેમને મુક્ત બનાવવાના અભિયાનમાં પાછળ નથી. આપણે ભારતીયોનો સ્વભાવ છે કે આપણે નવા વિચારોને આવકારવા હંમેશા તૈયાર છીએ. આપણે આપણી વસ્તુઓને પ્રેમ કરીએ છીએ અને નવી વસ્તુઓને આત્મસાત પણ કરીએ છીએ. પીએમ મોદીએ કહ્યું કે હવે જમ્મુ-કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના લોકોએ શાનદાર કામ કર્યું છે. બારામુલ્લામાં લાંબા સમયથી ખેતી કરવામાં આવે છે, પરંતુ ત્યાં દૂધની અછત હતી. બારામુલ્લાના લોકોએ આ પડકારને તક તરીકે લીધો. બારામુલાનો ડેરી ઉદ્યોગ એ વાતનો સાક્ષી છે કે આપણા દેશનો દરેક ભાગ શક્યતાઓથી ભરેલો છે.

# બિપરજોય વાવાઝોડા બાદ ફરી પર્યટક સ્થળો ખુલ્લા મૂકાઈ રહ્યા છે

અમદાવાદ, તા.૨૦

બિપરજોય વાવાઝોડાને લઈ રાજ્યમાં અનેક વિસ્તારોમાં અસર થઈ છે જેને લઈ જન જીવન ઉપર પણ ખાસી એવી અસર પડી હતી. આ વાવાઝોડાને લઈ રાજયમાં વિવિધ ધાર્મિક સ્થાનો તેમજ પર્યટક સ્થળો બંધ રાખવાનો જિલ્લા વાઈઝ વિવિધ નિર્ણયો લેવાયા હતાં. જેને પગલે ફરી સ્થિતિ સામાન્ય બનતા ધીરે ધીરે વિવિધ પર્યટક સ્થળો ચાલુ કરવાના નિર્ણયો લેવામાં આવી રહ્યાં છે. દમણના દરિયા કિનારેથી વાવાઝોડાને પગલે લગાવાયેલ ૧૪૪ની કલમ હટાવાઈ છે દરિયા કિનારે બિપરજોયની અસર સામાન્ય થતાં દમણમાં લગાવેલ કલમ ૧૪૪ હટાવી લેવાઈ છે તેમજ આજથી દમણના તમામ બીચ પર્યટકા માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે. અત્રે તમને જણાવી દઈએ કે, બિપરજોય વાવાઝોડાના કારણે બીચ ઉપર પર્યટકો માટે પ્રતિબંધ હતો. તેમજ દરિયા કિનારે પોલીસ પહેરો ગોઠવી રાખ્યો હતો અને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કર્યા હતાં. જે બાદ આજથી તમામ બીચ પર્યટકો માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે. જેને લઈ પ્રવાસીઓ ઉત્સાહ જોવા મળ્યો છે. ફરી એક વખત દમણના દરિયા કિનારે પર્યટકો ઉમટ્યા છે. તો બીજી તરફ વલસાડનો તિથલ બીચ પણ બિપરજોય વાવાઝોડાને કારણે બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. જે બાદ પરિસ્થિતિ સામાન્ય થતાં વહીવટી તંત્રએ તિથલ બીચ પણ પર્યટકો માટે ખુલ્લો મુક્યો છે. આજથી પર્યટકો માટે ખુલ્લો મુકાયેલા બીચમાં ફરી પ્રવાસીઓ મજા માણી શકશે. ઉપરાંત વિવિધ ધાર્મિક સ્થાનો પણ દર્શનાર્થે ખુલ્લા મુકવામાં આવી રહ્યા છે.

# ભારતીય રેલ્વે દ્વારા ઉધના સ્ટેશનનું અપગ્રેડશન થશે : વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અને યાત્રીઓ માટે અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાશે





અમદાવાદ તા. ૨૦

ભારતીય રેલવે દ્વારા દેશના મુખ્ય સ્ટેશનોને આધુનિક અને વિશ્વ કક્ષાના સ્ટેશનોમાં રૂપાંતરિત કરવાનું કામ ઝડપી ગતિએ કરવામાં આવી રહ્યું છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ, સમગ્ર દેશમાં ૧૨૭૫ રેલવે સ્ટેશનોને અપગ્રેડેશન અને આધુનિકીકરણ માટે નિશ્ચિત કરવામાં આવ્યા છે, જેમાંથી ૮૭ રેલવે સ્ટેશન ગુજરાતમાં છે. અધ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સવલતો સાથે ઉધના રેલવે સ્ટેશનનું નવનિર્માણ નવી નોકરીઓના સર્જન સાથે અર્થતંત્ર પર ખાસ પ્રભાવ પડશે. માનનીય વડાપ્રધાનના વિઝનને અનુરૂપ, ઉધના રેલવે સ્ટેશનનો નવો દેખાવ અને લેઆઉટ રેલવે સ્ટેશનને એક મહત્વપૂર્ણ સ્થાન તરીકે બદલવા અને "નવા ભારતની નવી રેલ" બનવા માટે ડિઝાઈન કરાયેલ છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ વાસ્તુકલાની સાથે સાથે પ્રબંધન પાસાઓના સંદર્ભમાં તેની આંતરરાષ્ટ્રીય અપીલના આધારે અલગ દેખાઈ આવવાનો છે; આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર ઉધના રેલવે સ્ટેશનના પુનઃવિકાસની કલ્પના કરવામાં આવી છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુર દ્વારા બહાર પાડવામાં આવેલી અખબારી યાદી મુજબ, ઉધના રેલવે સ્ટેશનને રૂ. ૨૨૩.૬ કરોડના સ્વીકૃત ખર્ચે આધુનિક સ્ટેશન તરીકે પુનઃ વિકાસ કરવામાં આવી રહ્યું છે અને આ કામ ૨૪ મહિનામાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. કામગીરી ઝડપી ગતિએ ચાલી રહી છે. એન્જિનિયરિંગ ખરીદ એન્ડ નિર્માણ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. સાઈટ સર્વે, જિયો ટેકનિકલ અન્વેષણ અને માટી ચકાસણી પૂર્ણ કરવામાં આવી છે. પશ્ચિમ તરફના હાલના આરપીએફ ક્વાર્ટર્સ તોડી પાડવામાં આવ્યા છે અને નવા ક્વાર્ટર્સનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ગ્રાઉંડફ્લોરના સ્લેબનું કામ પૂર્ણ થતાં રૂફ સ્લેબનું પ્રગતિમાં છે. પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (પીઆરએસ) કાઉન્ટરો ખસેડવામાં આવ્યા છે અને નવી પીઆરએસ કાર્યરત કરવામાં આવી છે. પૂર્વ બાજુના સ્ટેશન બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર સુપર સ્ટ્રક્ચર કોલમ વર્ક, સ્લેબ વર્ક અને સીડીની સાથે સાથે લિફ્ટ વોલનું કામ પ્રગતિ પર છે.સબ સ્ટેશન બિલ્ડીંગના સ્લેબનું કામ અને યુજી ટાંકીના પાયાનું કામ પણ તેજ ગતિએ ચાલી રહ્યું છે. આ ઉપરાંત, પૂર્વ બાજુએ ફરતા વિસ્તારમાં રોડ અને પાર્કિંગ માટે ડબલ્યુએમએમનું લેવલિંગ, ખોદકામ અને નાખવાનું કામ ચાલુ છે. નવા ફૂટ ઓવર બ્રિજના પાયાનું કામ પણ ચાલુ છે.

રેલવે સ્ટેશનની પૂર્વ અને પશ્ચિમ બંને બાજુએ નવા સ્ટેશન બિલ્ડીંગના વિકાસની દરખાસ્ત છે. પૂર્વ અને પશ્ચિમ બાજુઓ પરના સ્ટેશન બિલ્ડીંગોને એફઓબી દ્વારા એકબીજા સાથે જોડવામાં આવશે અને ઉત્તમ કનેક્ટિવિટીની સુવિધા માટે ટ્રેક અને પ્લેટફોર્મ પર એક એર કોનકોર્સ પણ હશે. પ્લેટફોર્મ પર વધુ ભીડ ન થાય તે માટે પેસેન્જર સુવિધાઓ સાથે પ્લેટફોર્મ ઉપર પર્યાપ્ત કોક્રોર્સ/ વેઈટીંગ સ્પેસ પણ હશે. કોક્રોર્સ ક્ષેત્ર ૨૪૪૦ ચોરસ મીટરમાં ફેલાયેલો હશે. નવા સ્ટેશન સ્ટેશનને આવા પ્રકારના વાસ્તુશિલ્પ પરિવેશ સાથે ડિઝાઈન કરવામાં આવ્યું છે જે સુનિશ્ચિત કરશે કે સમગ્ર સ્ટેશન સંકુલ યોગ્ય અગ્રભાગ, ફિનિશ, રંગો, સામગ્રી, બનાવટ અને સમગ્ર દેખાવ અને અનુભવ દ્વારા એકીકૃત થીમ રજૂ કરે. મુખ્ય સ્ટેશન બિલ્ડીંગની પૂર્વ તરફ સરક્યુલેટીંગ એરિયામાં એક ક્લોક ટાવર હશે જે ઉધના સ્ટેશનનું આઈકોનિક પ્રતીક હશે. પશ્ચિમ તરફના અગ્રભાગની થીમ ઉધના શહેરના પરિવેશ (surroundings) જેવી જ હશે.

ઉધના વ્યૂહાત્મક રીતે ગુજરાતના મુખ્ય શહેરી કેન્દ્ર જેમ કે સુરત, વડોદરા, અમદાવાદ અને ગાંધીનગર નજીક છે. ઉધના રેલ માર્ગ દ્વારા ગુજરાત રાજ્યના પ્રમુખ નગરો અને નાના શહેરોની સાથે સાથે દેશના વિવિધ ભાગો સાથે સારી રીતે જોડાયેલ છે. સ્ટેશનનું આવા પ્રકારનું અપગ્રેડેશન વેપાર અને વાણિજ્યને જરૂરી પ્રોત્સાહન પુરૂં પાડશે અને ઉધનાને એક મુખ્ય વેપાર અને વ્યાપારિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરશે.

# IPS અધિકારી રવિ સિન્હાને RAWનાં નવા ચીફ બનાવાયા



દિલ્હી,તા.૨૦

વરિષ્ઠ IPS અધિકારી રવિ સિન્હાને રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW)ના નવા ચીફ બનાવવામાં આવ્યા છે. તેઓ સામંત ગોયલનું સ્થાન લેશે. ગોયલનો કાર્યકાળ ૩૦ જૂને પૂરો થઈ રહ્યો છે. તેઓ ચાર વર્ષ સુધી આ પદ પર રહ્યા. કર્મચારી મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આદેશ અનુસાર, કેબિનેટની નિમણૂક સમિતિએ છત્તીસગઢના ૧૯૮૮ બેચના IPS અધિકારી સિન્હા (૫૯)ની બે વર્ષના કાર્યકાળ માટે RAW સેક્રેટરી તરીકે નિમણૂકને મંજૂરી આપી છે. કહેવામાં આવ્યું છે કે રવિ સિન્હા પાડોશી દેશો અને ઓપરેશન્સમાં નિષ્ણાત છે. રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગમાં તેમનો બે દાયકાથી વધુનો લાંબો કાર્યકાળ રહ્યો છે. હાલમાં તેઓ એજન્સીમાં સેકન્ડ-ઈન-કમાન્ડ છે. બઢતી પહેલા તેઓ ઓપરેશન વિંગની દેખરેખ રાખતા હતા. પડોશી દેશોના નિષ્ણાત ગણાતા સિન્હાની નિમણૂક એવા સમયે કરવામાં આવી છે જ્યારે પાકિસ્તાન રાજકીય અને આર્થિક રીતે અસ્થિર છે. વિદેશમાંથી શીખ ઉગ્રવાદને વેગ આપવામાં આવી રહ્યો છે અને પૂર્વોત્તરમાં હિંસાને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આઈપીએસ અધિકારી સિન્હાએ ભૂતકાળમાં જમ્મુ અને કાશ્મીર, પૂર્વોત્તર અને વિદેશમાં સેવા આપી છે. જૂન ૨૦૧૯ માં, સામંત ગોયલને બે વર્ષ માટે ઈછઉ ના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ પછી તેમને ૨૦૨૧ અને ૨૦૨૨ માં એક-એક વર્ષના બે એક્સટેન્શન આપવામાં આવ્યા હતા. જમ્મુ અને કાશ્મીર સંબંધિત બાબતોના નિષ્ણાત ગોયલે ફેબ્રુઆરી ૨૦૧૯માં પાકિસ્તાનના બાલાકોટમાં સર્જીકલ સ્ટ્રાઈકની યોજના બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે. આ સર્જિકલ સ્ટ્રાઈક પુલવામા આતંકી હુમલાનો બદલો લેવા માટે કરવામાં આવી હતી. આ હુમલામાં પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદે આત્મઘાતી હુમલો કર્યો હતો. આ હુમલામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના ૪૦ જવાનો શહીદ થયા હતા. સેનાએ આ હુમલાનો જડબાતોડ જવાબ આપ્યો હતો. આ હેઠળ, ભારતીય વાયુસેનાએ ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ બાલાકોટમાં જૈશ આતંકવાદી તાલીમ કેમ્પને નષ્ટ કરી દીધો હતો. પાકિસ્તાનને પણ આ વાતની જાણ નહોતી. જ્યારે તેને ખબર પડી ત્યારે તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

## કેમ શ્રી કૃષ્ણ કહેવાય છે જગન્નાથ?

# કેમ દર વર્ષે ભક્તોને સામે ચાલીને દર્શન આપવા જાય છે ભગવાન?



અમદાવાદ, તા.૨૦

અષાઢી બીજનો પર્વ એટલે ભગવાન જગન્નાથનો દિવસ જયારે ભાઈ બલરામ બહેન સુભદ્રા સાથે ભગવાન જગન્નાથ સાથે નગરચર્યા પર નીકળે છે, ઓડિશાના પુરીમાં આવેલ જગન્નાથ મંદિર વિશ્વવિખ્યાત છે. હિન્દુ ધર્મના પવિત્ર ચારધામ તીર્થમાંથી એક છે જગન્નાથપુરી. જગન્નાથ પુરીમાં ભગવાન વિષ્ણુના અવતારમાં કૃષ્ણ મંદિર આવેલું છે. પુરીમાં આવેલા જગન્નાથ મંદિરમાં દર વર્ષે લાખો ભક્તો દર્શન માટે આવતા હોય છે. ભારતમાં પુરીમાં સૌથી મોટી રથયાત્રા નીકળે છે. ત્યારબાદ અમદાવાદની રથયાત્રા સૌથી મોટી રથયાત્રા કહેવાય છે.ત્યારે પરંપરાગત રીતે નીકળતી રથયાત્રા પાછળનો છે રોચક ઈતિહાસ.

આ રીતે નીકળે છે પુરીમાં રથયાત્રા : અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે, કોરોના મહામારીમાં રથયાત્રા કાઢવાના અને ઉજવવાના નિયમમાં ધરખમ ફેરફાર કરાયા છે પરંતું આપણે સામાન્ય રીતે નીકળતી રથયાત્રામાં મહોત્સવ ૧૦ દિવસનો હોય છે, આ પર્વ શુક્લપક્ષની અગિયારસના દિવસે પૂર્ણ થાય છે. આ દસ દિવસના ગાળામાં લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડે છે. ત્રણેય રથને ભવ્ય રીતે સજાવવામાં આવે છે. ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીને રથોમાં બેસાડીને ગુંડીચા મંદિર લઈ જવામાં આવે છે. મહિનાઓ પહેલાથી ભવ્ય રથયાત્રાની તૈયારીઓ શરૂ કરી દેવાય છે.

રથયાત્રાની રોચક કહાની : લોક વાયકા પ્રમાણે દ્વારકામાં ભગવાન કૃષ્ણની રાણીઓ બલરામના માતા રોહિણીને કૃષ્ણ ભગવાનની રાસલીલા કહેવા માટે કહે છે, પહેલા તો માતા રોહિણી માનતા નથી પરંતું રાણીઓની ઘણી વિનંતી બાદ તેઓ માની જાય છે. તે વખતે કૃષ્ણના બહેન સુભદ્રા ત્યા હાજર હતા, ભાઈની રાસલીલા વિશેની વાતચીત બહેન આગળ થાય તેવું રોહિણીને યોગ્ય ન લાગ્યું. તે સમયે રોહિણી સુભદ્રાને બહાર ભગવાન કૃષ્ણ અને બલરામ સાથે નગરચર્યા માટે મોકલી દે છે. ત્રણેય ભાઈ-બહેન જ્યારે નગરચર્યામાં નીકળે છે તે સમયે નારદમુનિ પ્રગટ થાય છે, ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહે સુભદ્રાને એકસાથે જોઈ નારદમુનિ પ્રસન્ન થઈ જાય છે. નારદમુનિ પ્રાર્થના કરે છે કે દર વર્ષે આ રીતે જ ત્રણેયના દર્શન થાય. નારદમુનિની નિર્દોષ પ્રાર્થના ફળી જાય છે અને ત્યારથી ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે. રથયાત્રા નીકળવાની અન્યવાયકાઓ : એક વર્ગનું એવું માનવું છે કે કૃષ્ણના બહેન સુભદ્રાજી પિયર આવે છે. સુભદ્રા તેમના ભાઈઓ સમક્ષ નગરચર્યા કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે, બહેનની ઈચ્છાને માન રાખી ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે રથમાં બેસીને નગર ચર્યા કરવા નીકળે છે. ત્યારબાદથી રથયાત્રાના પર્વ મનાવવામાં આવે છે.

અન્ય લોકવાયકા એવી છે કે ગુંડીચા મંદિરમાં સ્થિત દેવી ભગવાન કૃષ્ણના માસી છે, જે ત્રણેય ભાઈ-બહેનને પોતાના ઘરે આવવા માટે આમંત્રણ આપે છે. ભગવાન શ્રીકૃષ્ણ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે માસીનાં ઘરે ૧૦ દિવસ રહેવા માટે જાય છે. કેટલાક લોકોનું માનવું છે કે ભગવાન કૃષ્ણ કંસનો વધ કરીને ભાઈ-બહેન સાથે મથુરામાં પ્રજાને દર્શન આપવા માટે નીકળે છે જેથી રથયાત્રા મનાવવામાં આવે છે.


કેમ ભગવાન શ્રીકૃષ્ણ કહેવાયા જગન્નાથ? : કહેવાય છે કે સતયુગમાં ઈન્દ્રાદ્યુમન નામનો ચક્રવર્તી રાજા ભગવાન વિષ્ણુનો પરમ ભક્ત હતો. તે ભગવાન વિષ્ણુનું તપ કરવા માટે નિલાંચલ પર્વત પર જાય છે પરંતુ ભગવાન વિષ્ણની મૂર્તિ ત્યાંથી સ્વર્ગમાં લઈ જવાઈ હતી.

આ વાતથી રાજા ખૂબ નિરાશ થાય છે અને તે સમયે સ્વર્ગમાંથી આકાશવાણી થાય છે કે ભગવાન પથ્થર અથવા કાષ્ઠ સ્વરૂપે ફરીથી પાછા આવશે અને તેમનું નામ જગન્નાથ રહેશે. આ રીતે ભગવાન તેમના ભક્તોને ખુશ કરવા માટે કાષ્ઠની મૂર્તિના સ્વરૂપમાં અવતરિત થાય છે. માન્યતા છે કે, રથ ખેંચવામાં ઉપયોગમાં લેવાતા દોરડા અથવા રથના સ્પર્શમાત્રથી પવિત્ર કર્મોનું ફળ મળે છે. અષાઢી બીજના દિવસે વિષ્ણુ સહસ્ત્રનો પાઠ કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.

# અદાણી ગ્રુપ હવે રેલવે સેક્ટરમાં હાથ અજમાવશે

(જી.એન.એસ)

નવીદિલ્હી,તા.૨૦




ઉદ્યોગપતિ ગૌતમ અદાણી હવે રેલ્વે ક્ષેત્રમાં પણ ધૂમ મચાવી શકે છે. હાલમાં દેશની સૌથી મોટી પોર્ટ અને એરપોર્ટ ઓપરેટર કંપની બન્યા બાદ હવે અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝ આ સેગમેન્ટમાં મોટું રોકાણ કરવા જઈ રહી છે. રેલવે સેક્ટરમાં અદાણી ગ્રૂપની આ મોટી શરૂઆત ઓનલાઈન રેલવે ટિકિટ બુકિંગ દ્વારા થઈ શકે છે. વાસ્તવમાં અદાણી ગ્રુપ સ્ટાર્ક એન્ટરપ્રાઈઝિસનો ૧૦૦ ટકા હિસ્સો ખરીદવા જઈ રહ્યું છે. આ કંપની ઓનલાઈન ટ્રેન ટિકિટ બુકિંગ માટે ટ્રેનમેન પ્લેટફોર્મનું સંચાલન કરે છે. સરકારી કંપની IRCTC ઓનલાઈન ટ્રેન ટિકિટ બુકિંગમાં એકાધિકાર ધરાવે છે, પરંતુ ઘણા ટ્રાવેલ અને ટૂર ઓપરેટર્સ, યુટિલિટી વેબસાઈટ્સ પણ તેમના પેજ પરથી ટિકિટ બુકિંગ સેવા પૂરી પાડે છે. અધિગ્રહણ પછી, ટ્રેનમેન અદાણી ગ્રુપની 'અદાણી ડિજિટલ લેબ'નો ભાગ બનશે. તે અદાણી એન્ટરપ્રાઈઝની પેટાકંપની છે. શેરબજારને આપવામાં આવેલી માહિતી અનુસાર, કંપનીએ સ્ટાર્ક એન્ટરપ્રાઈઝિસમાં ૧૦૦ ટકા હિસ્સો ખરીદવા માટે શેર ખરીદી કરાર કર્યો છે. જોકે, આ ડીલના કદને લઈને કંપની દ્વારા કોઈ સ્પષ્ટ વાત કરવામાં આવી નથી. અદાણી ડિજિટલ લેબ એ અદાણી ગ્રુપની ભાવિ બિઝનેસ પ્લાન છે. આ લેબની અંદર, કંપની એપ ડિઝાઈનિંગ, યુઝર ઈન્ટરફેસ ડિઝાઈન, SEO, સંશોધન અને વિશ્લેષણ જેવા કામ કરે છે. તે જ સમયે, આ લેબમાં કંપનીની 'અદાણી વન' સુપર એપ પર પણ કામ કરવામાં આવી રહ્યું છે. સ્ટાર્ક એન્ટરપ્રાઈઝ દ્વારા ટ્રેનમેન પ્લેટફોર્મ એ IRCTC દ્વારા અધિકૃત ઓનલાઈન ટ્રેન ટિકિટ બુકિંગ પ્લેટફોર્મ છે. તેની શરૂઆત IIT રૂરકીમાંથી પાસઆઉટ વિનીત ચિરાનિયા અને કરણ કુમાર દ્વારા કરવામાં આવી હતી. કંપની હાલમાં ગુરુગ્રામથી કાર્યરત છે. તાજેતરમાં, સ્ટાર્ક એન્ટરપ્રાઈઝે અમેરિકન રોકાણકારો પાસેથી ઈં૧ મિલિયનનું ભંડોળ એકત્ર કર્યું છે. બીજી તરફ, જાન્યુઆરીમાં હિંડનબર્ગ રિસર્ચના અહેવાલ પછી, અદાણી જૂથ દ્વારા આ પ્રથમ મોટી મર્જરની ઘટના છે. અદાણી ગ્રૂપ મર્જર અને એક્વિઝિશનના આધારે ડિજિટલ સ્પેસમાં તેની સ્થિતિ મજબૂત કરી રહ્યું છે. અદાણી ગ્રુપ હાલમાં દેશની સૌથી મોટી પોર્ટ અને એરપોર્ટ ઓપરેટર કંપની છે. હવે ગ્રુપનું આયોજન રેલવે સેક્ટરમાં પણ પોતાનો સિક્કો જમાવવાનું છે. કંપની ઓનલાઈન ટ્રેન ટિકિટ બુકિંગમાં પ્રભુત્વ સાથે શરૂઆત કરી શકે છે.

# વાસ્તવિક સ્વરૂપે યોગ કરવામાં આવે તો વિશ્વભરની તમામ સમસ્યાઓથી છુટકારો મેળવી શકાય : શિવ કૃપાનંદ સ્વામી

(મહેમૂદ મારફતિયા)

અમદાવાદ,તા.૨૦



વાસ્તવિક સ્વરૂપે જો યોગ કરવામાં આવે તો વિશ્વભરની તમામ સમસ્યાઓથી છુટકારો મેળવી શકાય છે અને વ્યક્તિના વ્યક્તિત્વ અને અસ્તિત્વનો પૂર્ણ રૂપથી વિકાસ થાય છે તેમ પરમ પૂજ્ય શિવ કૃપાનંદ સ્વામીએ જણાવ્યું હતું.

ભારત સહિત વિશ્વ ભરમાં યોગ દિવસના ઉપલક્ષ્યમાં વિશ્વ પ્રખ્યાત પુજ્ય શિવકૃપાનંદ ફાઉન્ડેશન - ગુરૂતત્વ દ્વારા સમર્પણ ધ્યાન યોગ શિબિરા નું આયોજન કરવામાં આવે છે.

આ સંસ્થાના સ્થાપક અને હિમાલયમાં વર્ષોની તપસ્યા દ્વારા ગુરુના આદેશથી યોગનું ખરું જ્ઞાન અને ધ્યાનનો મહિમા સમજાવવા પરમ પૂજ્ય શિવકૃપાનંદ સ્વામીએ એટલે કે પુજ્ય બાબા સ્વામી એ આગામી યોગ દિવસ ને ધ્યાનમાં રાખી વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે ,ગુજરાતના દાંડી અને મહુડી ખાતે આવેલ આશ્રમો માં અનેક પુણ્યશાળી સાધકોએ જે આત્માની અનુભૂતિ કરી છે એ અનુભૂતિ જન સુધી પહોંચે એ માટે બાબા સ્વામીએ અનેક સફળ શિબીરોના આયોજન કર્યા છે.તેમણે દિલ્હીમાં સંસદ સભ્યો અને ગુજરાત સહિત દેશના કેટલાક રાજયોમાં ધારાસભ્યો ની પણ ધ્યાન અને યોગશિબિર આયોજિત કરી છે, તદુપરાંત તેમણે જૈન મુનિઓના એક મોટા સમૂહને પણ યોગ અને ધ્યાનનો મહિમા સમજાવતી શિબિર કરેલ છે

બાબા સ્વામી એ કહ્યું કે યોગ એ યોગાસન નથી. વિશ્વના તમામ દેશો જયારે યોગ દિવસ બનાવી રહ્યા છે ત્યારે યોગનું સ્વરૂપ યોગાસન બની જતું અટકાવવા તેમણે ખાસ ભાર મૂક્યો.પુજ્ય બાબા સ્વામીએ જણાવ્યુ કે,જે રીતે આજે ભારત જી-૨૦ ની અધ્યક્ષતા કરી રહ્યું છે ત્યારે તેના લોગોમાં પણ વસુદેવ કુટુંબકમ શબ્દનો પ્રયોગ થયો છે ત્યારે તેને ખરા અર્થમાં ચરિતાર્થ કરવા યોગનું ખરું મહત્વ સમજાવવાનું ખૂબ જ આવશ્યક હોવાનું જણાવ્યુ હતુ.જે વ્યક્તિ યોગ કરે છે તેની આભા અને ઓરા અનેરા હોય છે જે સ્વામીજીએ તેમના પર જ લંડનમાં વૈજ્ઞાનિકો દ્વારા ઓરા ટેસ્ટ થયા તેની તસ્વીરો પત્રકારો સમક્ષ પ્રસ્તુત કરી હતી.

પુજ્ય બાબા સ્વામીએ કહ્યું કે વાસ્તવિક સ્વરૂપે જો યોગ કરવામાં આવે તો વિશ્વભરની તમામ સમસ્યાઓથી છુટકારો મેળવી શકાય છે અને વ્યક્તિના વ્યક્તિત્વ અને અસ્તિત્વનો પૂર્ણ રૂપથી વિકાસ થાય છે.યોગ એ આત્માની અનુભૂતિ છે અને જે કોઈપણ વ્યક્તિ યોગ કરે છે તે તેના જીવનમાં આવતી તમામ સમસ્યાઓને નિવારી શકે છે એ પૂજ્ય બાબા સ્વામીએ અનેક શિબિરો દ્વારા સાબિત કરી બતાવ્યું છે.શરીર ભાવ ઘટશે તો આત્માને અનુભૂતિ સરળ બનશે ૪૫ દિવસની ના યોગની અનુભૂતિ અને પ્રેક્ટિસ દ્વારા કોઈપણ વ્યક્તિ પોતાની ઓરા પ્રભાવી બનાવી શકે છે

કોઈપણ મૂર્તિના દર્શન કરે કોઈ ત્યારે તેમાં જે આત્મભાવ પ્રગટ થાય છે તે ધ્યાન અને યોગ દ્વારા તેમાં પ્રસ્થાપિત થયેલ ઉર્જા નો જ અનુભવ છે.ધ્યાનથી સંભવ છે અને સરકાર દ્વારા પણ યોગનો તેના મૂળ સ્વરૂપે પ્રચાર થવો આવશ્યક છે, જે અંતર્ગત યોગાસન થી અતિરેક એવું મૂળભૂત યોગનું પાસું પ્રચલિત થવું જોઈએ.સમર્પણ ધ્યાન એ એક સંસ્કાર છે, જેનો અનુભવ શિબિરોમાં અસંખ્ય લોકો કરી રહ્યાછે.

# આજે કચ્છી નવું વરસઃ ખંત, ખમીર સાથે કુદરતી આપત્તિઓનો મુકાબલો કરતા કચ્છીમાડુઓ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈએ આપી શુભેચ્છાઓ

ભુજ તા.૨૦

આજે અષાઢી બીજ એટલે કચ્છી નવું વરસ. કચ્છ રાજ્યની પરંપરા પ્રમાણે આજથી કચ્છી પંચાંગ સાથે કચ્છી નવા વરસની શરૂઆત થાય છે. રાપુંઅરા (રા કચ્છી શબ્દનો ગુજરાતી અર્થ થાય છે રાજા) ના સમયથી કચ્છમાં અષાઢી બીજની ઉજવણી શરૂ થઈ હોવાની માન્યતા છે. હમેશાં વરસાદની રાહ જોતા રણ પ્રદેશ કચ્છ માટે અષાઢ મહિનાનું મહત્વ અનેરૂ છે. વરસાદના વાવડ આપતાં મોર ના ટહુકા સાથે મેઘરાજાની પધરામણી થાય અને કચ્છી માડુઓ ઉત્સાહપૂર્વક લાપસીનું આંધણ મૂકી અષાઢી બીજની ઉજવણી કરે. એક સમયે ખેતી, પશુપાલન અને દરિયાઈ વહાણવટા ઉપર સંપૂર્ણ આધારિત કચ્છ પ્રદેશ માટે વરસાદનું મહત્વ વિશેષ હોય એ સમજી શકાય એવી બાબત છે. પશુપાલન અને ખેતી જીવનનો આધાર સ્તંભ હોય અને ચોમાસાની સીઝન દરમ્યાન સામાન્ય રીતે દેશી વહાણો દરિયો તોફાની હોય દરિયો ખેડવાનું ટાળી અને પોતાને ઘેર વતન માં હોય. એટલે સાગરખેડુઓ માટે પણ અષાઢી બીજ એ પારિવારિક મિલનનો અવસર રહે છે. ભૂકંપ હોય કે વાવાઝોડું અથવા તો દુષ્કાળ કચ્છી માડુઓ કુદરતી આપત્તિનો સામનો કરી બેઠા થવાની ખુમારી ધરાવે છે. એટલે જ તો વડાપ્રધાન નરેન્દ્રભાઈ અવારનવાર કચ્છ અને કચ્છી માડુઓને યાદ કરી તેમના ખંત, ખમીરને બિરદાવે છે. કચ્છ એ રેતાળ પ્રદેશના હેતાળ માનવીઓનો મુલક છે.

# ૧૮૦૦ વર્ષ પહેલાં સોમનાથ તિર્થ યોગ સાધના-ઉપાસનાનાં મોટા કેન્દ્ર હતાં

## યોગને સમગ્ર વિશ્વમાં ગુંજતું કરનાર ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમનાથ મંદિર ટ્રસ્ટનાં અધ્યક્ષ પણ છે

(મિનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ પાટણ તા. ૨૦

સોમનાથમાં આજથી ૧૮૦૦થી વધુ વર્ષો પહેલાં એટલે કે બીનજી સદીમાં લકુલિશ કે જેમણે પાશુપત સંપ્રદાય સ્થાપ્યો હતો. તેમની કર્મભૂમિ સોમનાથ હતી. અને જેથી જે તે કાળમાં અહીં યોગનાં મોટા કેન્દ્રો હતાં.

શ્રુતિ પરંપરા અનુસાર શિવ યોગ વિદ્યાનાં પ્રથમ આદિ ગુરૂ છે. જેથી યોગ સાધના માટે સોમનાથ સર્વોત્તમ તિર્થ છે. પ્રભાસ તિર્થ પાશુપત સંપ્રદાયનું મહાન કેન્દ્ર હતું. તે સંપ્રદાયનાં પ્રાતઃ સ્મરણીય આચાર્યો, સોમશર્મા, લકુલી, ભાવ બૃહસ્પિતી ઈત્યાદીએ આ તિર્થનાં આધ્યાત્મીક ક્ષેત્રે મહત્વ યોગદાન કર્યુ હતું. સોમવિદ્યા અને શિવોપાસનાનાં સિધ્ધ યોગીઓ જેવા કે માર્કન્ડેય, ભારદ્વાજ, ગોભીલ, અંગીરસ કાળક્રમે અહીં થયા હતાં. ૧૮૦૦ વર્ષ પહેલાં એટલે કે આજથી બીજી સદીમાં લકુલિશ કે જેમણે પાશુપત સંપ્રદાય સ્થાપ્યો હતો. તેમનો જન્મ ભલે કારવણ નર્મદા પાસે થયો હોય પરંતુ તેની કર્મભૂમિ સોમનાથ હતી. અને તે કાળમાં અહીં યોગનાં મોટા કેન્દ્રો હતાં. પ્રાચીન કાળમાં અનેક ઋષિ મુનિઓ, સાધકો અને આરાધકોએ આ જ ભૂમિ ઉપર તપ કરી પરમાત્માને મેળવવા કરેલી તપસ્યા યોગ ઓટોમેટીક સમાઈ જતો હતો. હા, એટલું ખરૂં કે તે જમાનામાં યોગ દિવસ ઉજવાતો ન હતો. પરંતુ આજનાં યોગ આશનની કેટલીક પધ્ધતિઓ પૂજા-ધ્યાન કે તપમાં વણાયેલી જ હતી. સંધ્યા પૂજા એ યોગ પ્રાણાયમનો એક ભાગ જ છે. જેનો પવિત્ર અને પ્રાચીન વારસો પ્રભાસનાં વંદનીય પંડિતો માર્કન્ડ પાઠક, કિર્તીદેવ શાસ્ત્રી, જસ્મીન દવે, ધનંજય દવે સૌ કોઈ નિત્ય કે અનુકુળતાએ ત્રિકાળ સંધ્યા કરતા જ રહે છે.

યોગાચાર્ય આ જ વાતને સમર્થન આપતાં કહે છે 'અષ્ટાંગ યોગનું ચોથું પગથીયું છે પ્રાણાયમ જેમાં સૌ પ્રથમ ઉંડા શ્વાસ લેવા અને છોડવા. પ્રાણાયમથી આધ્યાત્મીક વિકાસની સાથે સાથે શારીરીક અને માનસીક વિકાસ પણ થાય છે. જેમને સમગ્ર વિશ્વમાં યોગયનો નાદ ગુંજતો કર્યો અને 'વિશ્વ યોગ દિવસ' મનાવવા પ્રેર્યા એવા ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અહીંના વિશ્વા પ્રસિધ્ધ સોમનાથ ટ્રસ્ટ-સોમનાથ મંદિર ટ્રસ્ટનાં અધ્યક્ષ છે.

સોમનાથનાં ભાલકા મંદિર પાસે આવેલ પ્રજાપિતા ઈશ્વરીય બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયમાં પણ યોગ સાથે આધ્યાત્મીક અનુભૂતિ કરાવાતી રહે છે. ભારતની ઋષિ પરંપરાની ભેટ યોગ છે. આજની દોડધામ જીંદગીમાં યોગ અનિવાર્યતા જણાય છે. અને આજનાં વિજ્ઞાન અને મેડીકલ યુગમાં પણ યોગનો સ્વીકાર થયો છે. સોમનાથ મંદિર ચોપાટી ૨૧ જુને વહેલી સવારે સામુહિક યોગસાધનાની ઉપાસના ભૂમિથી યોગમય બનશે.

# માંગરોળમાં ઈદુલ અઝહાના અનુસંધાને પોલીસે શાંતિ સમિતિની મિટિંગ બોલાવી



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૨૦

જૂનાગઢ જિલ્લાના માંગરોળ પોલીસ વિભાગ દ્વારા સોમવારે સાંજે શાંતિ સમિતિની મિટિંગ બોલાવી હતી. ઈદુલ અઝહા અને રથયાત્રા બાબતે આગેવાનો સાથે સલાહ સુચનો કરવામાં આવ્યા હતા. આ તકે પીઆઈ સલીમ સાટી એ માંગરોળના આગેવાનો સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે માંગરોળ શહેર શાંતિનું પ્રતિક છે. અહી દરેક સમાજના આગેવાનો સાથ સહકાર આપે છે. ત્યારે અહી પણ અન્ય શહેરોની જેમ નવીનતમ પહેલ કરવી જોઈએ કે રથયાત્રામાં મુસ્લિમ સમાજ સાથે ચાલે અને મુસ્લિમોના જૂલૂસોમાં પણ હિન્દુ આગેવાનો સાથે ચાલે જેથી ટીખળખોરોને એક મેસેજ જાય કે અહીંયા અમારી નહિ ચાલે. જો માંગરોળમાં રાજકીય બાબતોમાં ગઠબંધન કરી લેતા હોવ તો તહેવારોમાં સાથે કેમ ના ચાલી શકો...! પીઆઈ સાટીની વાતને તમામ ઉપસ્થિત આગેવાનોએ આવકારી હતી. ડીવાયએસપી કોડીયાતર અને પીએસઆઈ સોલંકી મેડમે પણ તહેવારોને લઈને જરૂરી સુચનો કર્યા હતા. આ તકે ડીવાયએસપી કોડીયાતર, પીઆઈ સલીમ સાટી, સીપીઆઈ સમીર મંધરા, પીએસઆઈ સોલંકી મેડમ, પીએસઆઈ ચાવડા તેમજ ઘાંચી મુસ્લિમ સમાજના પ્રમુખ મુહમ્મદહુસૈન ઝાલા, પાલીકા પુર્વ ઉપપ્રમુખ મનોજભાઈ વિઠ્ઠલાણી, કીશન પરમાર સહીતના હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો અને પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકાધીશ જગતમંદિરમાં આવતીકાલે બુધવારે રથયાત્રા ઉત્સવ : શ્રીજીના દર્શનના સમયમાં ફેરફાર



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૨૦

દ્વારકાધીશ જગતમંદિરમાં આવતીકાલે તા.૨૧-૬-૨૦૨૩ના બુધવારના રોજ અષાઢ સુદ ૨ (આષાઢી બીજ) ના પાવન અવસરે દ્વારકાધીશ જગતમંદિરમાં રથયાત્રા ઉત્સવની ઉજવણી પરંપરાગત રીતે કરવામાં આવશે. આ ઉત્સવ નિમિત્તે શ્રીજીના દર્શન ક્રમમાં જરૂરી ફેરફાર નોંધાયો છે. જે અનુસાર બુધવારે સવારનો ક્રમ નિત્યક્રમ મુજબ રહેશે. સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી રથયાત્રા ઉત્સવ દર્શન ઉજવાશે. ત્યારબાદ સાંજનો ક્રમ નિત્યક્રમ મુજબ રહેનાર હોવાનું મંદિર વહીવટીદાર અને પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયાની યાદીમાં જણાવાયું છે.

# પીજીવીસીએલના કર્મચારીની ફરજમાં રૂકાવટ કરનારા ગાંગડી ગામના સરપંચની અટકાયત : જેલ હવાલે કરાયો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાજેતરમાં મુકાયેલા વિનાશક વાવાઝોડા બાદ પીજીવીસીએલ તંત્રનો સ્ટાફ તેમની પી.જી.વી.સી.એલ.ની લાઈનો પુનઃ સ્થાપિત કરવાની કામગીરીમાં જોડાયેલો હતો, તે દરમ્યાન કલ્યાણપુર તાલુકાના ગાંગડી ગામે સ્થાનિક સરપંચ દ્વારા આસિસ્ટન્ટ લાઈનમેનને બિભત્સ ગાળો કાઢી, ફરજમાં રૂકાવટ કરતા કલ્યાણપુર પોલીસે આરોપી સરપંચની અટકાયત કરી લીધી હતી. આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના તમામ વિસ્તારોમાં વાવાઝોડા તથા ભારે વરસાદના કારણે વીજ વાયરો તૂટી ગયા હોય, જેથી કલ્યાણપુર ડિવિઝનમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ લાઈનમેન સુલેમાનભાઈ હાસમભાઈ ચૌહાણ નજીકના દેવળીયા ગામે રીપેરીંગ કામ કરી રહ્યા હતા. તે દરમ્યાન ગાંગડી ગામના સરપંચ કારા રણમલભાઈ ચેતરીયાએ આ સ્થળે આવી અને લાઈનમેન સુલેમાનભાઈ ચૌહાણને કહેલ કે અમારા ગામની વીજ લાઈન કેમ ચાલુ નથી કરતા? અને અમારા ગાંગડી ગામની વીજ લાઈન રિપેર કરવાની છે. તેમ કહી, ફરિયાદી સુલેમાનભાઈ સાથે ઉશ્કેરાઈ અને "આ કામ બંધ કરો. અમારા ગામની લાઈનનું કામ ચાલુ કરો"- તેમ કહી, બોલાચાલી કરી, બિભત્સ ગાળો કાઢી હતી. એટલું જ નહીં, આરોપી શખ્સએ લાઈનમેનને બે ફડાકા ઝીંકી, અને મૂઢમાર પહોંચાડતા આ અંગે કલ્યાણપુર પોલીસ મથકમાં આઈ.પી.સી. કલમ ૧૮૬, ૩૩૨ તથા ૫૦૪ મુજબ ગુનો ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે સંદર્ભે કલ્યાણપુરના પી.એસ.આઈ. એમ.આર. સાવસેટા તથા સ્ટાફ દ્વારા આ અંગે તાકીદની કાર્યવાહી કરી, આરોપી સરપંચ કારા રણમલભાઈ ચેતરીયાની અટકાયત કરી લેવામાં આવી હતી. આ પ્રકરણમાં આરોપીને અદાલતમાં રજૂ કરી સરકારી વકીલ દ્વારા આરોપીને જમીન ના મળે તે માટે કરવામાં આવેલી ધારદાર દલીલો તથા તપાસનીસ અધિકારીને આરોપીના જામીન નહીં મળવા માટે રજૂ કરેલી જામીન નહીં મળવા માટેની વાંધા અરજીને ધ્યાને રાખીને નામદાર અદાલતે આરોપીને જામનગર જિલ્લા જેલ હવાલે મોકલી આપવા માટેનો હુકમ કર્યો છે.

## ઓખા નજીક બાઈક સ્લીપ થતા દંપતી ઈજાગ્રસ્ત

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૨૦

ઓખા વિસ્તારમાં આવેલા મીઠાપુર રોડ ઉપરના આર.કે. બંદર સામે રવિવારે રાત્રે પસાર થઈ રહેલું એક મોટરસાયકલ સ્લીપ થઈ, અકસ્માતગ્રસ્ત થતા આ મોટરસાયકલ ઉપર જઈ રહેલા સલીમભાઈ સોરા તથા તેમના પત્નીને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. આ અકસ્માત દરમ્યાન નાઈટ પેટ્રોલિંગમાં રહેલા ઓખા મરીન પોલીસમાં સ્થાપના પી.એસ.આઈ. દેવ વાંઝા તથા સ્ટાફ દ્વારા ઘવાયેલાઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે સરકારી બોલેરો વાહનમાં બેસાડીને તાકીદે તેમને મીઠાપુરની ટાટા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ સેવા કાર્ય બદલ ઘવાયેલા દંપતિએ પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શંકરાચાર્ય સદાનંદ સરસ્વતી મહારાજનો પ્રથમ ચાતુર્માસ વ્રતાનુષ્ઠાન દ્વારકામાં થશે



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૦

ભારતીય સંસ્કૃતિનાં સનાતન ધર્મનાં ધરોહર દ્વારકાની પ્રથમ શારદાપીઠનાં અભિષિકત અંનતાશ્રી વિભૂષિત દ્વારકા શારદાપીઠાધિશ્વર સદાનંદ સરસ્વતીજીનાં પિઠાભિષેક બાદ પ્રથમ ચાતુર્માસ દ્વારકા ખાતે તા. ૩ જુલાઈથી ૨૯ સપ્ટેમ્બર-૨૦૨૩ સુધી શારદાપીઠ દ્વારકા ખાતે સંપન્ન થનાર છે. આ ચાતુર્માસ્ય ઉત્સવને લઈને દ્વારકા શારદાપીઠનાં શંકરાચાર્ય સદાનંદ સારસ્વતીજી મહારાજની ઉપસ્થિતીમાં વિવિધ ધાર્મિક આયોજનો જેવા કે જન્મોત્સવ, દ્વારકાધીશજીને ધ્વજારોહણ, મહારાજનાં વચનામૃત, ભોજન ભંડારા, હવન પૂજન અને કિર્તન સહિતનાં કાર્યક્રમોને આખરી ઓપ આપવા માટે શારદાપીઠ પરીસરમાં બ્રહ્મચારી નારાયણનંદજીનાં અધ્યક્ષ સ્થાને તા.૧૮નાં સાંજે શહેરનાં વેપારી વર્ગ, સામાજીક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, પૂજારી પરીવાર અને ગુગળી જ્ઞાતિ સહિતનાં આગેવાનો સાથે બેઠક મળી હતી. આ બેઠકમાં ઉપરોકત કાર્યક્રમો અંગે અલગ અલગ કમીટીઓ બનાવી શંકરાચાર્યનાં ચાતુર્માસ ઉત્સવને ઠાઠમાઠથી કરવા નકકી કરવામાં આવ્યું હતું.

વર્તમાન શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજનો વર્ષ ૨૦૨૨માં દ્વારકા શારદાપીઠાધિશ્વર તરીકે પિઠાભિષેક દ્વારકાધીશ મંદિર પરીસરમાં કરવામાં આવ્યો હતો. પૂ. મહારાજશ્રી બ્રહ્મલીન શંકરાચાર્ય સરસ્વતીજીનાં પ્રિયશિષ્ય પદે બિરાજમાન હતાં. હાલમાં તેઓનાં પિઠાભિષેક બાદ સદાનંદજી મહારાજે દેશનાં વિવિધ ક્ષેત્રોમાં સનાતન ધર્મની રક્ષા માટે પ્રચાર પ્રસારનાં માધ્યમથી અભિયાન ચલાવી રહયા છે. ખાસ કરીને ગુજરાતનાં છેવાડા વિસ્તાર અને દેશનાં વિવિધ પ્રદેશોમાં તેઓ ધર્માંતરણ અટકાવવા માટે વિશેષ અભિયાન ચલાવી રહયા છે. આ ઉપરાંત તેઓ સંસ્કૃત ભાષાનો વિવિધસ્તરે વ્યાપ વધે તે માટે પણ અલાયદુ અભિયાન ચલાવી રહયા છે.

# જૂનાગઢ સ્વામીનારાયણ મુખ્ય મંદિર જવાહર રોડ ખાતે વિના મુલ્યે નેત્રયજ્ઞ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૦

રાજકોટનાં રણછોડદાસ બાપુ આશ્રમ દ્વારા જૂનાગઢ સ્વામીનારાયણ મુખ્ય મંદીર, જવાહર રોડનાં સહયોગથી તા. ૨૨-૬-૨૩નાં રોજ વિનામુલ્યે નેત્રયજ્ઞનું આયોજન સવારે ૯ થી ૧૧.૩૦ સુધી ઉતારા વિભાગમાં કરવામાં આવેલ છે. કેમ્પમાં ડોકટરને બતાવ્યા બાદ જો આંખમાં મોતીયા હોય તો કેમ્પનાં સ્થળથી રાજકોટ હોસ્પીટલમાં લઈ જવાની વિના મુલ્યે સેવા આપવામાં આવશે. તેમજ બીજા દિવસો. દર્દીને કેમ્પનાં સ્થળે પરત મુકી જવામાં આવશે. આ કેમ્પને સફળ બનાવવા બાબુભાઈ ચૌહાણ, મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસભાઈ ટાંક, રમેશભાઈ મિસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ, બાલાભાઈ તન્નારાણા વગેરે જહેમત ઉઠાવી રહેલ છે.

# ઉનાનાં માધવબાગ ખાતે સંયુકત મોરચાનું સંમેલન યોજાયું



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨૦

ભારતીય જનતા પાર્ટી ઉનાના માધવ બાગ ખાતે સયુંકત મોરચાના સંમેલન યોજાયું હતું. જેમાં ગીર-સોમનાથ જિલ્લા ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયા સાથે ગીર સોમનાથ, જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ઉના વિધાનસભાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, રામીબેન વાજા, જિલ્લાના બન્ને મહામંત્રી, મંત્રી, જિલ્લા ભાજપના ઉપ પ્રમુખ રાજુભાઈ ડાભી, પ્રકાશભાઈ ટાંક, આપડા વિસ્તારના પ્રભારી, ડાયાભાઈ જાલોધ્રા, જિલ્લા, યુવા ભાજપના પ્રમુખ હિતેશભાઈ ઓઝા, શહેર ભાજપના પ્રમુખ મિતેષભાઈ શાહ, એમના બન્ને મહામંત્રી, ઉના નગરપાલિકા સદસ્યો જિલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા પંચાયતના સદસ્યો દરેક મોરચાના હોદેદારો, કાર્યકર્તા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સમસ્ત રાજ્ય પુરોહિત બ્રાહ્મણ જ્ઞાતિના ૨૦માં સમૂહ લગ્નનું જામનગર ખાતે ભવ્ય આયોજન

## જ્ઞાતિના બટૂકોના સમૂહ યજ્ઞોપવિત સહિતના આયોજનોની તડામાર તૈયારીઓ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

શ્રી સમસ્ત રાજ્ય પુરોહિત બ્રાહ્મણ જ્ઞાતિના ૨૦માં સમૂહ લગ્ન અને યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમનું ભવ્ય આયોજન આગામી તારીખ ૨૭ નવેમ્બર ૨૦૨૩ ના રોજ જામનગરના ઓશવાળ સેન્ટર ખાતે કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ યોજવામાં આવેલા રાજ્ય પુરોહિત જ્ઞાતિના સમૂહ લગ્ન તથા સમૂહ યજ્ઞોપવિતના દેવ દિવાળી (તુલસી વિવાહ)ના શુભદિને યોજવામાં આવેલા આ કાર્યક્રમ માટેની એક મીટીંગ તાજેતરમાં ખંભાળિયા ખાતે યોજવામાં આવી હતી. જેમાં આ કાર્યક્રમના મુખ્ય દાતા તરીકે મૂળ લાખાબાવળ ગામના અને હાલ મુમ્બાસા (નાયરોબી) ખાતે રહેતા ભીખુભાઈ રતિલાલ શાહ તથા સુષ્માબેન ભીખુભાઈ શાહ પરિવારનો સહયોગ પ્રાપ્ત થશે. સમૂહ લગ્નમાં કન્યા તથા બટુકોને કન્યાદાનમાં આપવાની થતી વસ્તુઓ પણ દાતા પરિવાર તરફથી આપવામાં આવશે. જે માટે પડાણાના મૂળ રહીશ જગદીશચંદ્ર વલ્લભદાસ બારોટ તથા ખંભાળિયાના જીતેન્દ્રભાઈ નાકર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ સમગ્ર આયોજનના અધ્યક્ષ તરીકે ખંભાળિયા રાજય પુરોહિત જ્ઞાતિના અગ્રણી જીતેન્દ્રભાઈ ભાઈશંકરભાઈ નાકર સાથે તેમની ટીમમાં જામનગરના પ્રફુલભાઈ વાસુ, અનિલભાઈ ભટ્ટ, મોહનભાઈ ખેતિયા, સુનિલભાઈ ખેતિયા, જીતુભાઈ મોતા, મનોજભાઈ ખેતિયા, શૈલેષભાઈ વિઠા, જગદીશભાઈ ખેતિયા, કેતનભાઈ લવા, મહેશભાઈ નાકર, રાજુભાઈ નાકર તેમજ પ્રવીણભાઈ કલ્યાણીની નિમણૂક કરવામાં આવી છે. આ આયોજનમાં સમૂહલગ્ન કે સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમમાં સહભાગી થવા માટેના નામ આયોજકોને નોંધાવી જવા સમસ્ત રાજય પુરોહિત બ્રાહ્મણ જ્ઞાતિજનોને એક યાદીમાં જણાવ્યું છે

### કેમિકલયુક્ત પાણીથી નદીમાં ફીણ વળ્યા

# રાજકોટના ઉપલેટામાં નદીમાં કેમિકલનું કારસ્તાન સામે આવ્યું

## નદી પરના ચેકડેમમાંથી કેમિકલ માફિયાઓ નદીમાં કેમિકલ ઠાલવી ગયા હોવાની આશંકા છે

રાજકોટ, તા.૨૦

ઉપલેટામાં મોજ નદી ફરી દૂષિત બનતા લોકોએ તંત્ર સામે રોષ ઠાલવ્યો છે. દૂષિત અને કેમિકલયુક્ત પાણીના કારણે નદીમાં ચારેતરફ ફીણ જોવા મળ્યું હતું. કેમિકલના પાણીથી નદીમાં ઝેરી ફીણની ચાદર છવાઈ હતી. નદી પરના ચેકડેમમાંથી કેમિકલ માફિયાઓ નદીમાં કેમિકલ ઠાલવી ગયા હોવાની આશંકા છે. અગાઉ પણ કેમિકલ માફિયાઓ મોજ નદીમાં કેમિકલ ઠાલવી જતા મોજ નદીનું પાણી દૂષિત બન્યું હતું. GPCBને અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતા લોકોમાં રોષ ફેલાયો હતો. ખેડૂતો અને પશુપાલકોનો આક્ષેપ છે કે, નદીમાં વારંવાર કોઈ કેમિકલ માફીયાઓ દ્વારા કેમિકલ ભરેલા ટેન્કર ઠાલવી દેવામાં આવે છે. જેથી નદીનું પાણી દુષિત બન્યું છે. દૂષિત પાણી પીવાથી પશુઓને ચામડીના રોગ થાય છે. અગાઉ પણ ભૂતકાળમાં અનેક પશુઓના મૃત્યુ થયા છે. સાથે જમીન બંજર બનતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. બીજી તરફ જીપીસીબી બોર્ડના અધિકારીઓએ આ બાબતે કંઈ પણ કહેવાનો ઈન્કાર કર્યો હતો.

